Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૧૭ · તા. ૧૯ થી ૨૫ એપ્રિલ ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## આદરાંજલિ



જન્મ :
તા. ૧૪.૦૨.૧૯૪૧

અરહિંત શરણ :
તા. ૧૫.૦૪.૨૦૧૪

## પ્રવીણ દેવજી દામજી ખોના (જખૌ - અંધેરી)

C.A., L.L.B., આગવી શૈલીના ક્રિયાશીલ સામાજિક ચિંતક

**દિપાવ્યા સેવાના પરિવારિક સંસ્કાર**
**કરી પહેલ કેડી કંડારી સમાજજીવનને આપ્યો આધાર**
**જ્ઞાતિ હિતના સ્થાપ્યા સીમાચિહ્નો પારાવાર**
**અરિહંત શરણે ઉચ્ચગતિ પામજો. પુણ્ય બળે મેળવ્યો અધિકાર**
**કાળ વીત્યે નહીં ભુલાય સ્મૃતિ, જાગૃત રહેશે પ્રગતિ પ્રેરક વિચાર**

પ્રકાશ સમીક્ષા પરિવાર

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 17/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# જીવન સાથી થઈને લગ્નને ધણી - ધણીયાણીના જકડી રાખતા ચોકઠામાંથી બહાર આણીએ


તિલકચંદ કુંવરજી લોડાયા ચેન્નઈ Email : ourbrotherhood@yahoo.co.in


શું આપણે લગ્નને જરી - પુરાણા ખ્યાલોથી અલગ રીતે ન કલ્પી શકીએ? સદીઓથી ધણી - ધણીયાણીના કે પતિ - પત્નીના જે ખ્યાલ છે તે મર્યાદિત અર્થછાયામાં કેદ થયેલા છે. તે આ પ્રેમ - હુંફભર્યા સંબંધોના દાયરાને એકદમ સંકોચી નાખે છે.

ધણી - ધણીયાણી કે પતિ - પત્નિના એ જુના ખ્યાલોને હટાવી, તેને સ્થાને જીવનસાથી - જીવનભરના મિત્રો એવો ખ્યાલ પ્રસ્થાપિત કરીએ તો બધું એકદમ બદલાઈ જશે. આ નવા સંબંધોમાં સ્ત્રી અને પુરુષ સમય સમય પર ક્યારેક માતાનું વાત્સલ્ય, ક્યારેક પિતાની શીસ્ત, ક્યારેક બાળકનું નટખટપણું, તો ક્યારેક સંરક્ષક, ક્યારેક પાઠ ભણાવનાર, ક્યારેક વાસ્તવિકતા દેખાડનાર આયનાની ભૂમિકા ભજવશે.

આ બાબતમાં પણ જેને સાધ્ય કરતા દસ વર્ષ લાગવાના હોય તે એક જ વર્ષમાં સાધ્ય કરવાની કોશિશ કરશો નહીં. ઘણા પતિ - પત્ની લગ્ન જીવનના પ્રારંભમાં એકબીજાને આખી દુનિયાના સુખ આપવા ચાહે છે અને તેમાં નિષ્ફળતા મળતા એમના સબંધોમાં જીવંતતા જ રહેતી નથી. તેઓ એક મૃતપાય સબંધમાં સહ - અસ્તિત્વ ચલાવ્યા કરે છે. જેણે વૃક્ષ થવાનું છે તે છોડવા તરીકે મરી જવું ન જોઈએ. સંબંધોને વિકસાવવામાં ધીમા પણ મક્કમની નીતિ અપનાવો. યાદ રાખો, ઓછી અપેક્ષાઓ તેને વધુ આપનાર તથા વધુ અપેક્ષાઓ તેને ઓછું આપનાર બનાવશે.

આપણને કહેવામાં આવે છે કે લગ્નમાં બે જીવો એવી ગાંઠે બંધાય છે કે હવેથી તેમનું જીવન એક બની જાય. આવા ખોટા ખ્યાલથી મોટા ભાગની સ્ત્રીઓને ભાગે તો લગ્નબંધનને નામે પતિના પડછાયા બનવાનો જ વારો આવે છે. તેઓ લગ્નબંધનને સમર્પિત તો રહે છે પણ એક હતાશ, પોતાની જ દયા ખાતી અને ડગલે અને પગલે પોતાનું શોષણ થઈ રહ્યું છે એવું માનતી વ્યક્તિ તરીકે.

લગ્ન પછી પતિ - પત્નીના જીવન મારું જીવન અને તારું જીવન જ નહીં, પણ અમારું જીવન બનવા જોઈએ. પણ તે પછીય મારું જીવન અને તા રું જીવન જીવંત રહેવું જોઈએ. આપણું તેમાં એકમેકને સ્થાન આપતું હોવું જોઈએ.

લગ્ન જીવનમાંની ખુશાલ પતિ - પત્ની આ આપણું જીવન સાથે કેવી રીતે સંકળાય છે અને વર્ષાનુવર્ષ આપણું જીવન માટે રખાતી જગ્યા વધતી રહે તેની પર નિર્ભર છે. જોકે તે પછીય પતિ પોતાનું જીવન જીવશે અને પત્ની પોતાનું જીવન જીવશે.

હકીકતમાં પત્નીને જેટલા વધારે પ્રમાણમાં તેની પસંદનું જીવન જીવવા મળે તેટલી વધારે સારી રીતે બન્નેના પસંદના જીવનમાં ગોઠવાઈ શકે છે, ગોઠવાય છે. પતિ માટે પણ આ સાચું છે. આનાથી પતિ - પત્નીનો એક બીજાની પસંદ માટે આદર કેળવાશે. એકબીજના ગમા - અણગમા - પસંદ

- નાપસંદ અને અગ્રતાઓ અંગે આદર જાગશે. પતિ - પત્ની પ્રેમના નામે એક બીજાનો ગુંગળાવી નહીં નાખે.

લગ્ન જીવનની ખુશાલી કે મીઠાશ અપોઆપ આવી જતી વસ્તુ નથી. સારા લગ્ન બનાવવા પડે છે. કોઈપણ વખતે એકબીજા એને તો એવું ચાલે તેવી વૃત્તિથી ઓછા મહત્વના ન ગણાવા જોઈએ. આત્મીયતા માત્ર લગ્ન જીવનના પ્રારંભના દિવસો સુધીમાં જ ખતમ ન થવી જોઈએ. તે વર્ષાનુવર્ષ ચાલવી જોઈએ. એકબીજા માટે કાંઈક કરતા ફરજ બજાવવા કે ભોગ આપવાના ભાવ ન જાગવા જાઈએ. તે ખુશાલીનું ઝરણું બનવું જોઈએ. તે લચીલાપણું - ધીરજ - સમજદારી અને મજાકીયાપણું કેળવવાથી જ આવે.

શ્રેષ્ઠ લગ્ન માફ કરવા અને ભૂલી જવાની ક્ષમતા હોવાની વાત છે. તે પ્રશંસાના પુષ્પા વાત વરસાવવાની વાત છે. તે એક બીજાને વૃદ્ધિ પામવાની તક આપતું વાતાવરણ આપવાની વાત છે.

ખરો પ્રેમ માત્ર રોમાંસ (પ્રેમ પ્રદર્શન) કે મીણબત્તીના આછા પ્રકાશમાં ભોજન કરવા કે દરિયા કિનારે ચાલવા પર આધારિત નથી. તે આદર, સમજદારી, સમજોતા, કાળજી અને વિશ્વાસ પર નિર્ભર છે. સારી અને અને સુંદર વસ્તુઓની સહિયારી શોધ - ખોળ જેવું છે.

નિર્ભર રહેવું એ આપસી વાત છે અને એકબીજા પ્રત્યેની જવાબદારી સામ - સામી વાત છે. આ સબંધમાં સોય દોરાનું કાતર કરતાં વધારે કામ છે. નાણાકીય આયોજન જોડનાર તત્વનું કામ કરે છે. સારા સાથી બનવા પર, ભાર અપાવવો જોઈએ. એ લગ્ન વધુમાં વધુ કેટલા સારા બની શકે એ શોધવાનું - જાણવાનું છે.

મહેરબાની કરીને લગ્નને આ ખ્યાલથી જુઓ અને જીવનભર માટેના મિત્રો બની ખુશાલીભરી જિંદગી જીવો. જાત અનુભવ દ્વારા કહું છું કે તેના લાભ સુનિશ્ચિત છે અને તેની બાંયધરી પણ મળશે.

---

## અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. ૯૦૦૪૧૬૫૧૯૨. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. ૯૩૨૪૬૧૮૬૦૬ અંકોન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

# શ્રી ક.દ.ઓ મોતા પરિવારના કુળદેવી માં અંબાઈમાની સમૂહ પહેડી,ભાંડુપ-૨૦૧૪





સોમવાર તા. ૩૧.૩.૨૦૧૪ના ગુડીપડવાના શુભદિવસે ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી માં અંબાઈમાની સમૂહપહેડી ભાંડુપ મધ્યે જ્ઞાતિશિરોમણી શેઠશ્રી નરશી નાથા સભાગ્રહમાં ઉજવાઈ હતી.આ સમૂહપેહડીના લાભાર્થી પરિવાર હતા માતુશ્રી બાયાંબાઈ શામજી દેવણાધ મોતા(સુખપરીયા)પરિવાર-નલીયા-લોનાવાલા હા.પ્રશાંત,હેમંત,જયંત તથા હાર્દિક. માતાજીની ફોટાની સ્થાપના સાથે બરાબર ૯:૩૦ વાગ્યે ચેતના હરીયાની પાર્ટીએ માતાજીની સંગીતમય આરાધના શરુ કરી હતી જેને બે કલાક સુધી ભાવિકજનોએ માણી હતી બેહેનો-ભાઈઓએ ગરબા દ્વારા પણ માતાજીની સ્તુતિ કરી હતી.ક્ષેત્રપાળના જુહાર બાદ માતાજીને લાભાર્થી પરિવાર દ્વારા વિવિધ થાળ ધરાવાયા હતા અને સમૂહ પહેડીના જુહારનો મોતા પરિવારની વહુઆરોએ લહાવો લીધો હતો.બરાબર ૧૧:૫૫ કલાકે માતાજીની આરતી ભાવિકોએ ગાઈને કરતલ ધ્વની દ્વારા માણી હતી.કુમારિકાઓને પ્રાસાદ સાથે અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો.અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ જૈન સંઘના પ્રમુખશ્રી શામજી નરશી દંડ તથા મહામંત્રીશ્રી કલ્પેશ માણેકજી મોતાનું શાલ પહેરાવી અભિવાદન કરાયું હતું.સને ૨૦૧૨-૧૩ માં વિવિધ ઉચ્ચ પરીક્ષા પસાર કરનાર મોતા પરિવારના યુવાઓનું મોમેન્ટો/સર્ટીફીકેટ થી સન્માન કરાયું હતું.સમૂહપહેડીના લાભાર્થી પરિવારનો આભાર મનાયો હતો.લાભાર્થી પરિવારના બહોળા સગાં-સબંધીઓએ પહેડીમાં હાજરી આપી શોભા વધારી હતી.મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા તથા શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપના શ્રી જયેશ જૈન તથા  શ્રી ગોવિંદજી પટેલ ખાસ પધાર્યા હતા. આભાર.

આસો નવરાત્રીમાં અંબાઈમાં હાજરાહજુર હોય છે.સર્વે ભાવિકોને તેરા પધારવા ખાસ વિનંતી છે.આ વર્ષે આસો નવરાત્રી ૨૫-૯-૨૦૧૪ થી ૨-૧૦-૨૦૧૪ દરમિયાન છે.આ વખતે નવરાત્રીના છેલા ૨ દિવસો અને તે પછીના ૪ દિવસો રજા આવે છે.આ નવરાત્રીએ તેરા માતાજીને દર્શને પધારતા મોતા પરિવારના યુવાઓની તેરા થી ભુજની ૩/૪ દિવસની અદ્વિતીય ‘‘ક્ચ્છ દર્શન યાત્રા’’ માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર તરફથી કરાવવામાં આવશે.આ બાબત યોગ્ય સમય જ્ઞાતીપત્રમાં વિગતવાર જાહેર ખબર આપવામાં આવશે.આવતા વર્ષે સમૂહ પહેડી શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર તરફથી યોજવામાં આવશે.

-રમેશ મોતા

## ગદગ મધ્યે દેરાસર શતાબ્દી મહોત્સવ

ગદગ મધ્યે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયના શતાબ્દી મહોત્સવ પ્રસંગે તા. ૨.૮.૧૪ થી ૫.૮.૧૪ સુધી પંચાહનિકા મહોત્સવ ઉજવવામાં આવશે. જે પણ ભાઈ - બહેનો આ પ્રસંગે હાજર રહેવાની ભાવના ધરાવતા હોય તેમને વિનંતી છે કે તેઓ શ્રી સંઘને તેમના આગમનની વહેલી તકે જાણ કરે જેથી રહેઠાણ અને અન્ય સુવિધાઓ સાચવવામાં શ્રી સંઘને સનુકુળતા રહે. સંપર્ક માટે ફોન નં. નવીનચંદ લાલકા : ૦૯૯૪૫૬૬૭૫૦૦, સતીષ લુઠીયા : ૦૯૮૪૫૨૫૮૨૧૪, કાર્યાલય (દિનેશ ધરમશી) ૦૯૫૯૦૦૯૯૦૨૯.


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ.....
શીતલ કોટન ટ્રેડર્સ
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)


ABDASA (KACHCHH) GAUSHALA TRUST
(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

# શ્રી ક.દ.ઓ મોતા પરિવારના કુળદેવી માં અંબાઈમાની સમૂહ પહેડી,ભાંડુપ-૨૦૧૪




(ડાબેઃ) માતાજીનાં શણગારવાળા મંચપર લાભાર્થી પરિવાર, (જમણે) આરતી કરતો લાભાર્થી પરિવાર





માતાજીને થાળ ચડાવવા પધારતા, થાળ ચડાવતા અને પહેડીના જુહાર કરતા લાભાર્થી પરિવારના સભ્યો




અચલગચ્છના પ્રમુખશ્રી અને મત્રીશ્રીનું સન્માન



સરસ્વતી સન્માન



ચેતના હરીયા એન્ડ પાર્ટી



ગરબા ઝીલતી બહેનો




(ડાબે)માતાજીનાં દર્શન કરતાં જ્ઞાતિ પ્રમુખ નયન ભેદા અને જયેશ જૈન (વચ્ચે અને જમણે)




પ્રસાદનો આનંદ માણતા ભાવિકજનો

# યુવાનોની પહેલવૃત્તિ અને વડીલોની પીઢતાનો અનોખો સંગમ - પ્રવીણ દેવજી દામજી ખોના



સમાજ અને ધર્મ બન્ને સમયોચિત હોવા જોઈએ, રહેવા જોઈએ એવી માન્યતાથી જીવનની છેલ્લી ક્ષણ સુધી વિચારશીલ અને ક્રિયાશીલ રહેલા પ્રવીણ દેવજી દામજી ખોના યુવાનોની પહેલ વૃત્તિ અને વડિલોની પીઢતાનો અનોખો સંગમ હતા.

ધર્મ અને સમાજ બને બાબત પારંપરિક માનસ ધરાવતા જ્ઞાતિના આગેવાન કુટુંબમાં જન્મેલા પ્રવીણભાઈને પરંપરા શું છે અને શાને છે તેના સંસ્કાર સાથે નેતૃત્વ શક્તિ વારસામાં મળ્યા હતા... પણ તેમનું વિચારશીલ અને ક્રિયાશીલ મન હંમેશા સમયોચિત રહેવા પર ભાર મુક્તું એટલે કિશોર અવસ્થાથી જ તે સમાજ જીવનમાં આગળ પડતા પરિવારના વડીલોથી સ્વતંત્રપણે પોતાની નેતૃત્વ શક્તિનો પરિચય આપવા લાગ્યા.

૧૯૬૦ વર્ષોમાં ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના પ્રારંભિક કાર્યકર એવા પ્રવીણભાઈએ સેક્રેટરી અને પ્રમુખપદની જવાબદારી સંભાળી, સંઘને જ્ઞાતિની આગેવાન સંસ્થા તરીકે વિકસાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું.

લગભગ ૪૫ વર્ષ પહેલાં વ્યવસાય તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટનની કારકિર્દી સ્વીકારી સાથે વ્યવસાય ઉપરાંત સમાજજીવનમાં પણ ઉપયોગી થાય એટલે ખાસ એલ. એલ.બી. (વકીલ) થયા.

જ્ઞાતિના સમાજજીવનને નવી દિશા આપવા તથા અનંતનાથજી ટ્રસ્ટના વહીવટને સુધારવા ૧૯૭૧-૭૨માં સક્રિય થયા, તો માત્ર વાતો કરવાથી નહીં ચાલે ટ્રસ્ટી તરીકેની જવાબદારી સફળ રીતે પાર પાડી બતાવો તો જાણીએ એવો પડકાર ફેંકાયો.

આમ તો ક.દ.ઓ. જૈન જ્ઞાતિમાં ૧૨૦ વર્ષથી બુદ્ધિજીવીઓને સમાજજીવનમાં મહત્વનું સ્થાન હોવું જોઈએ એવી પરંપરા હતી પણ બુદ્ધિજીવીઓને સમાજજીવનમાં અગ્રસ્થાન હોવું જોઈએ એવી નેમ રાખીને અનંતનાથજી ટ્રસ્ટની ચુંટણીમાં ઝંપલાવ્યું અને ૧૯૭૦ દાયકામાં યુવા શક્તિનો જીવંત આદર્શ બની રહ્યા.

અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અહમના ટકરાવથી ઊભા થયેલા વિખવાદો અદાલત સુધી લઈ જઈ ટ્રસ્ટના પૈસા વેડફતા, પ્રવીણભાઈએ પોતાના ટ્રસ્ટીપદના પ્રારંભના વર્ષમાં જ દબાણ આણીને જ્ઞાતિહિત માટે અતિ આવશ્યક હોય તે સિવાયના કેસો ટ્રસ્ટીઓ પોતાના ખર્ચે લડે તે રીતની જાગૃતિ આણી, ટ્રસ્ટના ઘણા પૈસા બચાવ્યા.

તે પછી પણ અનંતનાથ ટ્રસ્ટની ચુંટણી વખતે યુવા બુધ્ધીજીવી જ્ઞાતિના સમાજીવનમાં માત્ર મહત્વનો જ નહીં, અગ્રભાગ ભજવે એવી થીમ સાથે ઉચ્ચ શિક્ષિત લોકોની ટીમ સાથે ઝપલાવ્યું અને સફળતા મેળવી.

રહેઠાણ સમસ્યા ઉકેલવા ભાડુંપ સેનેટોરીયમમાં રહેતા ભાડુતોને સમજાવી, જ્ઞાતિ માટે અનંતસિદ્ધિ જેવી રહેઠાણ યોજના શરૂ કરાવવામાં મહત્વપુર્ણ યોગદાન આપ્યું.

જ્ઞાતિ ઉત્કર્ષ કાજે ૧૯૭૯ માં મળેલા બીજા જ્ઞાતિ સંમેલનમાં થયેલી રજુઆતોમાંથી જ્ઞાતિની કો. ઓપ બેંક સ્થાપવાનું સ્વપ્ન બીજ લઈ આવ્યા. પુર્વ તૈયારી કરી અને ૧૯૮૪માં ચીફ પ્રમોટર તરીકે બેંક સ્થાપન માટેની ટીમ બનાવી. સ્થાપક ચેરમેન અને પછી ડાયરેક્ટર તરીકે તેને પગભર કરવામાં મહત્વનું યોગદાન આપ્યું. બેંકની જવાબદારીમાંથી સ્વેચ્છીક નિવૃતિ લીધા પછી પણ નિસ્વાર્થ સેવા હંમેશા માટે બેંકના ડાયરેક્ટરોનું સુત્ર રહે એ માટે પ્રયત્નશીલ રહ્યા.

જ્ઞાતિના જાહેરજીવનમાં ઉચ્ચ શિક્ષણ પામેલા સંગઠિત રીતે અવાજ ઉઠાવી શકે તેવું મંચ કંડારવા તેમણે કે.ડી.ઓ. ગ્રેજ્યુએટ એસોસીએશન ઊભું કરવા પ્રયત્નો કર્યા.

તે પછી અનંત આરોગ્ય નિધિના નેજા હેઠળ

જ્ઞાતિજનો માટે દેવલાલીમાં આરોગ્યધામની સ્થાપના કરવાના વિચારને નિશ્ચિત આકાર આપવામાં યોગદાન આપ્યું.

પંદરેક વર્ષ પહેલાં મોટી ઉંમરે પહોંચેલા જ્ઞાતિજનો પ્રવૃતિ દ્વારા જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે તે માટે વન - ઉપવન ગ્રુપ ઊભું કર્યું અને વિવિધ કાર્યક્રમો યોજી ચલાવ્યું.

પ્રકાશ સમીક્ષા સાથે પ્રવીણભાઈનો દાયકાઓ સાથેનો પારિવારિક નાતો હતો, એટલે અવારનવાર જ્ઞાતિ સંબંધી વિવિધ વિષયો પર તેઓ કલમ ચલાવતા જ રહ્યા. અનંત છાયાના વેચાણનો કરાર વાંચી તેમાં શું જ્ઞાતિની સામાજિક - ધાર્મિક પરંપરા સાથે સુંસગત નથી એ દર્શાવવા સાથે તે કરાર / સોદો જ્ઞાતિના હિતમાં નથી એવી સચોટ રજુઆતથી સમાજદાર જ્ઞાતિજનોનો આદર મેળવ્યો.

પશ્ચિમ ભારતના જૈનોએ ચમત્કારથી પ્રેરાઈ જૈન ધર્મ સ્વીકાર્યો છે, એમને જૈન ધર્મના સિદ્ધાંતો સમજી ખરા અર્થમાં જૈન બનવાની જરૂર છે એવું માનતા હોવાથી પ્રવીણભાઈએ આપણું કયું વર્તન જૈન ધર્મના સિધ્ધાંતોને અનુરૂપ એ અને કયું નહીં એ બાબત ઘણું મૌલિક વિચારી એ વિશે પ્રબુધ્ધ જીવનમાં વિશદ લેખો લખ્યા. જેણે તેમને બૃહદ જૈન સમુદાયમાં મૌલિક વિચારક તરીકે નામના અપાવી.

વધુમાં જૈન એકતા બાબત સૈધ્ધાંતીક નહીં પણ વ્યવહારીક અભિગમ અપનાવવો જોઈએ એ દ્રષ્ટિએ પ્રવીણભાઈ તેની પણ છણાવટ કરી.

યાત્રા પ્રવાસમાં તેમને વિશેષ રુચિ હતી.

યુવાનોની પહેલવૃતિ અને વડીલોની પીઢતાના સંગમ સમાન પ્રવીણ ખોનાના દેહાંત પછીય એમનું નોખું - અનોખું વ્યક્તિત્વ અને જીવન આદર્શો જ્ઞાતિના યુવા વર્ગને પહેલ કરવાની પ્રેરણા આપતા રહેશે.


અસલ કલા-કસબનો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો

પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,

શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786


# આનંદો...

**રાપરગઢવારી તીર્થે ભોજનશાળાનું ઉદ્‌ઘાટન**

**સંવત ૨૦૭૦ ચૈત્ર સુદ ૪, તા.૦૩-૦૪-૨૦૧૪ને ગુરુવારના દિવસે થયેલ છે.**

**જૈન સમાચારી પ્રમાણે યાત્રિકોની ભોજન વ્યવસ્થા સુચારુ રૂપે થશે.**





**સંપર્ક**

દમયંતીબેન રતિલાલ મોતા — ૦૨૮૩૧-૨૭૩૨૭૩, ૯૫૩૭૯૬૭૧૮૨

વિપુલ શિવજી લોડાયા — ૦૨૮૩૧-૨૭૩૨૫૬, ૯૯૭૯૫૨૩૯૯૭

શ્રી ગોડીયાજી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી ટ્રસ્ટ, રાપરગઢવારી : ૦૨૮૩૧-૨૭૩૨૫૮

**કચ્છ આવતા યાત્રિકોને ઉપર નિર્દેશિત નંબર ઉપર સંપર્ક કરીને આ વ્યવસ્થાનો જરૂરી લાભ લેવા વિનંતી છે.**



મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત
કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૫૨)
- સોમ ધરમશી (કચ્છ)-૦૯૭૨૬૭૭૬૬૨૭

## ઉપસંહાર

**'પિંઢજેં કે પિંઢજી લગે પરુકેં કે નોલી**
**તેડી આય 'તેજ' ચેં બાબાણી બોલી !''**

**શબ્દાર્થ :** પિંઢજેં કે = પોતાનું, પરુંકે કે = બીજાને, અન્યને, બાબાણી = જાડેજા વંશની તળપદી કચ્છી ભાષા.

**ભાવાર્થ :** કચ્છી ભાષાના જાણકારને ઉપરની પંક્તિઓનો ભાવાર્થ આપવાની જરૂરત જ નથી, પણ જે લોકો કચ્છી ભાષાથી અવગત નથી તેમના માટે થોડીક નોંધ લેવી આવશ્યક છે.

કવિ, કચ્છી ભાષાકર્મને ઉજાગર કરતાં નોંધે છે કે જાડેજા વંશની બાબાણી બોલી કચ્છનાં અબડાસા તાલુકાનાં ગ્રામજનોને પોતાની વ્હાલસોઈ ભાષા લાગે છે. જ્યારે કચ્છના જ પણ જે બાબાણી કચ્છી બોલી નથી જાણતાં તેમને તે સમજમાં નથી આવતી, તેથી તેમને તે અજાણી લાગે છે.

કચ્છી માડુના ભાવ સંવેદનને સરળ બાનીમાં, બાબાણી બોલી જે બળુકી, તળપદી કચ્છી જાડેજી બોલી છે. તેમાં રજુ કરીને આહલાદ્ક બનાવવાનું કામ ઘણા કચ્છી સાહિત્યકારોએ સલુકાઈથી કર્યું છે.

કચ્છની ભાષાની શોધ, એનો વિકાસ અને પ્રચાર એ સંશોધન કરનાર અભ્યાસુનું કામ છે. પણ કેટલીક આછડતી નોંધ અહીં એક ભાવક તરીકે નોંધું છું.

કચ્છી ભાષાનાં ઐતિહાસિક દુહા તો જુની કચ્છીમાં હજાર વર્ષથી ભાટ ચારણોનાં મુખે કંઠોપકંઠ ચાલ્યા આવે છે. પણ સૌથી પહેલાં સાચી કચ્છી ભાષાની સેવા મેકણદાદાએ કરી છે. એમની વાણીની અનેરી કલ્પના આજે પણ આપણને મુગ્ધ કરી દે છે.

**'પિપ્પર મેં પણ પાણ, નાંય બાવર મેં બેઓ,**
**નિમ મેં ઊ નારાયણ, તડેં કંઢે મેં કેઓ ?''**

તેમના પછી લગભગ ૧૫૦ વર્ષ બાદ કવિ રાઘવ, કવિ માધવ..... ઈત્યાદિ કવિઓ થઈ ગયા અને કચ્છી ભાષાને બળૂકી કરી.

બાબાણી બોલીનાં બેતાજ બાદશાહ સ્વ. શ્રી દુલેરાય કારાણી ''કચ્છનાં મેઘાણી'' એ પ્રગટાવેલ મશાલને સ્વ. શ્રી પ્રતાપરાય ત્રિવેદી, શ્રી માધવ જોષી ''અશ્ક'' અને શ્રી તેજપાલ ધારશી નાગડા 'તેજ' એ પોતાની ભાવસંવેદન સભર સરળ બાનીમાં પ્રજ્જવલિત રાખી છે. આજે પણ કેટલાક આધુનિક કચ્છી કવિઓ બાબાણી બોલીમાં પોતાનું કાવ્ય સર્જન કરી રહ્યા છે.

કચ્છી કવિતાનાં દિગ્ગજ એવા સ્વ. શ્રી દુલેરાય કારાણીનાં સાહિત્યમાંથી કેટલાક અંશો આપી, કુદરતની વિષમતાનો હિમ્મતભેર સામનો કરી, અફાટ રણ પ્રદેશમાં વસતા અને જીવનને મહાલતાં એવા સંવેદના સભર કચ્છી માડુ, મિઠડી કચ્છી વાણી અને અનોખા રંગોથી રંગાયેલી કચ્છીયતને સો, સો સલામ કરી વિરમું છું.

**''કચ્છી વાણી રાણી તોજો ઘુંઘટડો તું ખોલ,**

**ઘુંઘટડો તું ખોલ ! મિઠી બાબાણી બોલી બોલ''**

**પાણીવારી વાણી તોજા પાણીવારા બોલ**

**કોક જવેરી તોલ કરેનેં, તોરે બોલ અમોલ**

**કચ્છડો વંકો, કચ્છી વંકા , જેંજા સારે જગમેં ડંકા**
**વંકી કચ્છ વતનજી વાણી , હી પાંજે કચ્છડે જો પાણી.**

**બસ, હવે અલ્પવિરામ...**

કવિ **તેજ**નું સાહિત્ય સર્જન મહેરામણ જેવું છે. હાલમાંજ તેમની વણથંભી અવિરત ચાલી રહેલી કલમ દ્વારા આપણને **અખાડો**, ૩૩મું પુસ્તક મળે છે. કવિ તેજનાં સાહિત્યના સમંદરમાં ડુબકી લગાવો એટલે વિવિધ પ્રકારનાં મોતી મળે.

**શ્રી લાલ રાંભિયા**એ ઓગષ્ટ ૧૯૯૦માં આવા મોતીઓની માળા ગુંથી **મરમ જા મોતી** પુસ્તિકા રૂપે સમાજને અર્પણ કરી.

તેજની કવિતામાં મેઘધનુષી રંગો છે પણ તેજની અસલ કચ્છી બોલી (બાબાણી બોલી) સમજવી આજના ભાવક - વાચક માટે મુશ્કેલ બને છે અને તેથી કાવ્યનું સૌંદર્ય માણી શકતા નથી કવિના દુહા, સુભાષિતો કે મુક્તકમાં રહેલ રસને સામાન્ય, સરળ અને સાદી ભાષામાં રજુ કરવાની ઈચ્છા થઈ, જેથી વિશાળ સમુદાય તેનું રસપાન કરી શકે અને તેથી .......



**શ્રી સોમ ધરમશી**એ પોતાના વિશાળ વાંચન અને મૌલિક વિચાર થી **તેજ**ની મુખ્ય રચનાઓનો બરાબર ૫૨ અંક એટલે કે એક વર્ષ સુધી રસાસ્વાદ કરાવ્યો તે બદલ તેમના આભારી છીએ. આ લેખો પુસ્તક તરીકે પ્રગટ થવાના છે એ જાણી વધુ આનંદ થયો. એ પુસ્તક વધુને વધુ લોકો સુધી પહોંચે અને સાહિત્ય રસાસ્વાદના ઉત્તમ પુસ્તક તરીકે સ્થાન પામે તેવી શુભેચ્છા. - તંત્રી

પ્રકાશ - સમીક્ષાના તંત્રીમંડળના સહકારથી વર્ષ ૧૫ - અંક ૩૧ (૨૮ જુલાઈ ૨૦૧૨) થી મરમ જા મોતી : બે પંક્તિમાં અંક્તિ કવિ તેજની અમૃતવાની કોલમ શરૂ થઈ અને આ અંકમાં તેના બાબનમો મણકો છપાઈ પુરી થશે.

આ કોલમને લખવા પુર્વ તેનું સંશોધન, અર્થ વિસ્તાર સમજવા, સમજાવવા ઘણા કવિ મિત્રો, વનવગડામાં ભટકતા અભણ ભરવાડ અને રબારીઓનો સાથ અને સહકાર સાંપડેલ છે તે બધાનો અહીં આભાર વ્યક્ત કરું છું. પ્રકાશ - સમીક્ષામાં પ્રગટ થયેલ ૫૨ મણકાની હારમાળા તેજ - બાવની ના નામે પુસ્તક સ્વરૂપે પ્રગટ થવા જઈ રહી છે. જેનું વિમોચન દિનાંક ૧૩ જુલાઈ ૨૦૧૪ રવિવાર ના દિવસે કચ્છ માંડવી મુકામે તેજોત્સવ કાર્યક્રમમાં પુ. ઉપાધ્યાય ભુવનચંદ્રજી મ.સા.ના. આર્શીવચનથી થશે. આ પ્રસંગે આપ સૌ સહ્દયોની વિશિષ્ટ હાજરી કાર્યક્રમને દેદીપ્યમાન કરશે અને અન્ય કચ્છી કવિઓના સાહિત્યની રસલ્હાણ કરાવવા મને ક્ષમતા બક્ષશે.

આવશોને...? આંજી વાટ ન્યારીંધલ

**-સોમ ધરમશી ૦૯૭૨૬૭૭૬૬૨૭**


**લગ્ન સંબંધી**

**મુંબઈ સ્થિત, ઉ. વ. ૪૫, ઉંચાઈ, ૫' ૫" શિક્ષણ : ૧૨, પોતાનો ધંધો, વેલસેટ યુવક માટે યોગ્ય, સંસ્કારી, કુંવારી, વિધવા, છુટાછેડાવાળી કન્યા આવકાર્ય, કચ્છ, બહારગામ, ઓછું ભણેલી કન્યા પણ આવકાર્ય.**

**સંપર્ક - ૦૯૭૦૨૨૩૩૧૦૨**



**E.C.E. TEACHER TRAINING COURSE**
(4 MONTHS CERTIFICATE COURSE )
**Regular Batch: Monday To Friday**
**New Batch starts on**
and
**PHONICS TEACHER TRAINING COURSE**
(1 Week certificate course)
**L .N. MEHTA ED. CLASSES**
Yogesh Sadan,Hing wala Lane,
Ghatkopar (E) Mumbai- 400077
**Phone:25014824 \25014870 \ 9821285541**


# શ્રી અંબે માં ધરમશી પરિવાર

**સ્થાન : સુથરી તીર્થ, તા. અબડાસા, જી. કચ્છ-૩૭૦૪૯૦**

શ્રી સુથરી સ્થાને બિરાજમાન ધરમશી પરિવારના કુળદેવી શ્રી અંબેમાની સોળમી પહેડી-પ્રસાદનું આયોજન કરેલ છે. આ પ્રસંગે આપ સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**-: પહેડીના દાતા :-**

માતુશ્રી જવેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી પરિવાર (સુથરી)
કિર્તીભાઈ • તરૂણભાઈ • ખુશેન્દ્રભાઈ • ઉમેશભાઈ • લલિતભાઈ • પરેશભાઈ

**શુભ દિવસ :-** સવંત ૨૦૭૦ વૈશાખ સુદ બારશને રવિવાર, તા. ૧૧/૦૫/૨૦૧૪
• સવારે ૦૯.૦૦ કલાકે કુંભ અને દીપક સ્થાપના • સવારે ૧૦.૦૦ કલાકે શ્રી માતાજીને પહેડી પધરાવવાની
• બપોરે ૦૧.૦૦ કલાકે શ્રી માતાજીની મહાઆરતી
સર્વ બહેનોને લાલ ઘરચોળું અથવા લાલ બાંધણી પરીધાન કરીને પધારવા નમ્ર વિનંતી.

**શુભ સ્થળ :** શ્રી માટુંગા કચ્છી મુર્તી પુજક જૈન શ્વેતાંબર સંઘની શ્રી નારાણજી શામજી મહાજન વાડી, ૪૫૨/૪૫૩, ભાઊદાજી રોડ, મહેશ્વરી ઉદ્યાન, માટુંગા (સે.રે.), મુંબઇ - ૪૦૦ ૦૧૯.

**નિમંત્રક :-** શ્રી અંબે માં ધરમશી પરિવારના જય અંબે
**વધુ વિગત માટે સંપર્ક :-** શ્રી પંકજ ઝવેરચંદ ધરમશી - ૯૮૨૦૫૧૭૮૨૯ • શ્રી હિરેન લખમશી ધરમશી - ૯૮૧૯૬૫૫૨૫૪

## SANSKARIT NAVYUGAL - SANRAKSHIT JAIN SAMAJ (A cultured couple - A secured Jain community)

A family is the smallest element of a particular community. The society consists of a number of communities, each with its own culture and religion. Even people following the same religion have different communities. So, the dividing line is the culture or way of living which is known as AACHAAR. The essence of every community is its culture and religion. It is the distinguishing factor for any community. Culture is the sum total of many good human behavioral qualities, some of these may be politeness, humility, humanity, learning, virtues and religious inclination, etc. to name some of the most common aspects of a culture. It is this culture, which separates a virtuous person from a villain.

As stated earlier, a couple is the smallest element of a family and if the couple is cultured, the offspring or the children of such couples too will be virtuous. The family is the first school for any child. It is here that the seed for the behaviour as well as the conduct of a person is sown. Social scientists have concluded, after a lot of research as well as studies of cases, that the child hood of a person determines his behaviour as well as conduct when he / she becomes an adult and is on his / her own feet and free to do whatever he / she wants to do. In majority of cases, a child is believed to be an improved version of his / her parents. So if the tree is good, the fruits it bears may also be good. The cultured couple takes extra care in the upbringing of the child, and the virtues they inculcate in the child may be so strong that many a times, the undesirable extraneous influence of friends or colleagues or a group (mob psychology) is also unable to spoil the child. Cultured couples most of the times have very good harmony, respect for each partner, strong family bonding as well as sense of sharing and caring. A child brought up in such a family imbibes all these traits and qualities and when he / she become a part of his / her own family, the history repeats itself. A cultured family, most of the time is attached to its community and contributes to its community for its good too.

A child is the next line of continuation in the family dynasty and in a way that of the community. So if the parents are cultured, the child too may be cultured and when such a child joins the community as an adult, the community gets strengthened. A strong community is a secure community. This is true for all, more so for Jain community, as the Jain religion lays more stress on the life style or what we call AACHAAR. The Jain religion has laid down some good, time tested, tried and trusted norms of living for its followers and it is because of these that a Jain is known as MAHAJAN (Super human being). It is the behaviour of a person under the similar set of conditions, separates a JAN (Ordinary human being) and a MAHAJAN (Super human being). If we wish that such a noble religion must not only survive but flourish, it is essential that generation after generation understand this religion, its contribution to the particular community, as well as the society in large. Culture and religion are like institutions. They are theoretically eternal. But if not conserved over a period of time, they may become weak and ultimately become extinct. History is replete with many examples, where cultures and civilizations have vanished as they could not withstand the onslaught of time and the influences of other more powerful civilizations. It is the duty of each couple to pass on the wealth of its culture and religion to the next generation. Each couple does it, but a cultured couple does it more effectively and thus ensures that the culture and religion of their community are carried forward in a much better way and they are deeply imbibed in the next generation. A cultured couple is perhaps the most effective tool of the community for the conservation and preservation of its culture, values and religion.

***- CA. Hemant Pravin Dharmashi Shah Surat (M. No. - 09925282610)***

The above essey won the second prize (Certificate & Trophy) in the essey competition organised by Jain Social international Federation.

**ભુલ સુધાર :** પ્રકાશ સમીક્ષાના અંક નં. ૧૬. તા ૧૨ થી ૧૮ એપ્રિલ ૨૦૧૪ના અંકમાં ૯માં પાને છપાયેલ રતીલાલ વાલજી ખોનાના ચર્ચા પત્રમાં છેલ્લા છ વર્ષમાં મુંબઈ જ્ઞાતિજનોની વસ્તીમાં ૪૦૦નો નહીં ૪૦૦૦નો વધારો થયો છે. એમ વાંચવું.

RAJSHREE YOGA & FAT FREE ZONE®

WEIGHT MANAGEMENT & FITNESS CENTER

Since 1994

**રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૦ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ...**

૨૦-૨૦ વર્ષ સુધી એક્સરખા રીઝલ્ટ આપવા બહુ મુશ્કેલ છે. અમે એક સરખા નહીં પણ એક બીજાથી ચડીયાતા રીઝલ્ટ આપીએ છીએ. તે પણ બીમારીઓ, ઓપરેશન, સીઝેરિયન, ડિલીવરીઓ કે ગમે તે તક્લીફ હોય છે વજન ઉતાર્યાં પછી એવું લાગે કે ક્યારેય જાડા નહતા. લગ્ન પહેલાં હતો તેવો શેપ, સાઈઝ અને વજન આવી જાય છે.

નાલાસોપારા,ડોંબીવલી, સફાળા હોય કે પાલઘર વજન ઉતારનારાઓ માટે રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન કયારેય દૂર નથી.

"અજું બેને નાલાસોપારાથી આવીને વજન ઉતાર્યુ અને વજન ઉતાર્યા પછી એમને સમજાયું કે પોતાના માં કેટલી સ્ફૂર્તિ અને શકિત છે. સમય અને શકતી નો સદુપયોગ કરવા બ્યુટી પાર્લરનો કોર્સ કરી કામ કરવા માગે છે. તમને ભવિષ્યમાં તંદુરસ્ત રહો અને સફળતાઓ એ માટે અમારી શુભેચ્છાઓ."

## નામ નહીં કામ બોલે છે

## અંજુ પરેશ ગાલા



પહેલાં



પછી



પહેલાં



પછી

## ટોટલ વજન ઉતાર્યું - ૧૭ કીલો ★ ટોટલ ઈંચ ઉતાર્યા - ૧૧૫ ઈંચ

"મારું વજન વધતું જતું હતું, પીરીયડ ૩-૪ મહિના લેટ આવતું હતું. મેનોપોઝ જેવું હતું, વજન વધતું જતું હતું, ચાલવાથી હાંફ ચડતી. ગેસ બહુ થતો, શરીરમાં દુખાવા રહેતા, અચાનક વીકનેસ લાગતી અને પસીનો થઈ જતો. ઘણી દવા કરી પણ કંઈ ફરક પડતો નહતો. એવામાં પત્રિકામાં રાજશ્રી યોગા વિશે વાચ્યું અને અહીં આવ્યા પછી આશ્વાસન લાગ્યું અને કોર્સ ચાલુ કર્યો અને એનું પરિણામ ૪ મહિનામાંજ આવી ગયું. વજનની સાથે તકલીફો પણ ગઈ. નાલાસોપારા થી આવવાંનુ દૂર થતું હતું પણ વજન ઉતર્યા પછી અને બિમારીઓ મટચા પછી હવે કાંઈ દૂર નથી લાગતું સ્ફર્તિ અને સ્પીડ આવી ગઈ છે. ફરી થી પીરીયડ પણ રેગ્યુલર થઈ ગયો છે. જેઓ વજન ઉતારવા કયાયં નથી ગયા. એમના માટે આ સૌથી સારી જગ્યા છે."

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઈ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઈ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઈઝી નથી.**
**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ,

ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪

વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com




નીચેના ઉત્પાદનો માટે કૌંસમાં અપાયેલ ચાવીઓનો ઉપયોગ કરી નીચે આપેલા જવાબોમાથી યોગ્ય ઉત્તર શોધો

## વિચારીને લખો

૧. કાર (ભગવાનનું નામ) - ગુડ નાઈટ
૨. સાબુ (વાજીંત્ર) - ઈગલ
૩. થરમોસ (પક્ષી) - સંદેશ
૪. આઈસ્ક્રીમ (વ્યક્તિનુંનામ) - સંતુર
૫. પેન્સિલ (નુત્યનો દવ) - બાદશાહ
૬. મીલ (બગીચો) - મારૂતી
૭. ચા (વીકરાળ એક ગરીબ પ્રાણી) - પ્રેસ્ટીજ
૮. ટોમેટો સોસ (ખેતર ખેડનાર) - નટરાજ
૯. ક્રિમ (ખાબોચીયું) - વાઘબકરી ચાય
૧૦. નમક (બાય - બાય) - વાડીલાલ
૧૧. વેફર (ભગવાનનું નામ) - ગાર્ડન
૧૨. જંતુનાશક દવા (સુતાં પહેલા કરો) - ચેતક
૧૩. ઘડીયાળ (નાગરિક) - બાલાજી
૧૪. વર્તમાન પત્ર (એકબીજા ને પહોંચાંડો) - ટાટા
૧૫. મસાલો (શહેન શાહ) - કિસાન
૧૬. સ્કુટર (પ્રખ્યાત ઘોડો) - પાન્ડઝ
૧૭. કુકર (ઈજ્જત) - સીટીઝન

જવાબો

૧. મારૂતી , ૨. સંતુર , ૩. ઈગલ, ૪. વાડીલાલ , ૫. નટરાજ, ૬. ગાર્ડન, ૭. વાઘબકરી ચાય, ૮. કિસાન, ૯. પોન્ડઝ, ૧૦. ટાટા, ૧૧. બાલાજી, ૧૨. ગુડ નાઈટ, ૧૩. સીટીઝન, ૧૪. સંદેશ, ૧૫. બાદશાહ, ૧૬. ચેતક, ૧૭. પ્રેસ્ટીજ.

## હકીકતનોનું બીજ ગણિત

નીચે આપેલા વિધાનો સમીકરણો સામેની કોલમમાં શોધો.

## વિચારીને લખો

૧. ગીતાના ટોટલ અધ્યાય - રામપુત્રો = ૧ ગ્લુકોઝ બીસ્કીટ (પારલે) ની સંખ્યા
૨. ટોટલ દાંતની સંખ્યા - હાથપગની ટોટલ આંઘલીઓ = ૧ ડઝન
૩. અંગ્રેજીના મુળાક્ષરો X ઘડીયાળનાં મુખ્ય કાંટા = પત્તાનો સંખ્યા
૪. સાર્વજનિક ગણપતિનાં દિવસો - ૪ મુખ્ય દિશાઆ = દુનિયાની આજયબીઆ

જવાબો

૧. ૧૮ - ૨ = ૧૬, ૨. ૩૨ - ૨૦ = ૧૨, ૩. ૨૬ X ૨ = ૫૨, ૪. ૧૧ - ૪ = ૭

**- સરલાબેન હંસકુમાર નાગડા (માટુંગા)**

## અહીં કેટલાક લાડીલા જેતા અને તેના લાડીલા ઉપ નામ આપ્યા છે તે સામેની કોલમમાં આડા અવળા છે, સાચા જવાબ શોધો.

### નામ

૧. લાલા લજપત રાય - શહીદ એ આઝમ
૨. રવિન્દ્રનાથ ટાગોર - લોક નાયક
૩. ચિતરંજન દાસ - આચાર્ય
૪. વિનોબા ભાવે - દેશબંધુ
૫. જયપ્રકાશ નારાયણ - ગુરુદેવ
૬. ભગત સિંહ - પંજાબકેસરી
૭. શેખ અબ્દુલા - રાષ્ટ્રપિતા
૮. સુભાષ ચંદ્ર બિઝ - ચાચા
૯. વલ્લભ ભાઈ પટેલ - શેર એ કાશ્મીર
૧૦. ખાન અબ્દુલ ગફાર ખાન - નેતાજી
૧૧. જવાહર લાલ નેહરૂ - સરદાર
૧૨. મોહન દાસ કરમચંદ ગાંધી - સરહદના ગાંધી

જવાબો

૧. પંજાબકેસરી ૨. ગુરુદેવ, ૩. દેશબંધુ, ૪. આચાર્ય, ૫. લોક નાયક, ૬. શહીદ એ આઝમ, ૭. શેર એ કાશ્મીર, ૮. નેતાજી, ૯. સરદાર, ૧૦. સરહદના ગાંધી, ૧૧. ચાચા, ૧૨.રાષ્ટ્રપિતા.

## નીચેના શબ્દોનો સરવાળો સાથેની કોલમમાં શોધ

### નામ

૧. શ્રીકૃષ્ણ + એક તંતુવાદ્ય - રાહબર
૨. ટીચર + પુનમ - અમૃતસર
૩. દુનિયા + માતા - શેરવાની
૪. કાર્ય + ગાય - દેવદિવાળી
૫. સુધા + હુકમનું પાનું - જગત જનની
૬. રસ્તો + કાપડનો પનો - જલતરંગ
૭. સિંહ + ખાવાની ચીજ - વરવધુ
૮. વંઈ + દીવો - મેઘનાદ
૯. ઈશ્વર + એક તહેવાર - કુળદિપક
૧૦. પતિ + પત્ની - કામધેનુ
૧૧. પાણી + મોજું - મોહન વીણા
૧૨. વરસાદ + અવાજ - ગુરુપુર્ણિમા

જવાબો

૧. મોહન વીણા, ૨. ગુરુપૂર્ણિમાં, ૩. જગત જનની, ૪. કામધેનુ, ૫. અમૃતસર, ૬. રાહબર, ૭. શેરવાની, ૮. કુળદિપક, ૯. દેવદિવાળી, ૧૦. વરવધુ, ૧૧. જલતરંગ, ૧૨. મેઘનાદ,

**- વનિતા હરિષ નાગડા (વડાલા)**

## શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ,
## શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય,
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ,
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ

**ન્યુ લક્ષ્મી નિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૮૬ ફોન : ૨૫૧૩૩૧૭૪ / ૨૫૧૦૦૧૫૭**

### આપણી શૈક્ષણિક સંસ્થાઓના નવા એડમીશન તથા લોન - સ્કોલરશીપ (વગર વ્યાજની લોન) અને ફી સહાયના ફોર્મસ આપવાની કાર્યવાહી બાબત

**૧. શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર**

**શાળા વિભાગ / કોલેજ વિભાગ :** અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૩૦ મે ૨૦૧૪

**નોંધ : તા. ૩૦.૦૫.૧૪ પછી ફોર્મ લેટફી સાથે જ સ્વીકારવામાં આવશે.**

**શાળા વિભાગ (ધોરણ ૫ થી ૧૨) ઈન્ટરવ્યુ: તા. ૧૪.૦૬.૧૪; સવારે ૧૦.૩૦ વાગેથી**

**કોલેજ વિભાગ ઈન્ટરવ્યુ: તા. ૧૫.૦૬.૧૪; સવારે ૧૦.૩૦ વાગેથી**

**સ્થળ શ્રીવીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, લક્ષ્મી નિવાસ, કામાલેન, ઘાટકોપર (પ) ૪૦૦૦૮૬**

૧લી જુન ૨૦૧૪ થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલા અરજીપત્રક ભરવાના રહેશે. વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ, સાબુ, મેડીકલ સારવાર, રહેવા, જમવાની ફી સવલતો આપવામાં આવે છે. ધોરણ ૧૧ અને ૧૨ના છાત્રોને નિયમનુસાર રહેવા, જમવાની ફી સવલતો પ્રાપ્ય છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઈન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાંચનાલય, પુસ્તકાલય વિવિધ બહોળા પ્રમાણમાં લાભો ઉપલબ્ધ છે.

**૨. શ્રીમતી લક્ષ્મીભાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય**

૧૪૨, કૃષ્ણ કિરણ, ગારોડિયા નગર, ઘાટકોપર (પુર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૦૬૩૪૪૮

શાળા તથા કોલેજ વિભાગ : (કે.ડી.ઓ. છાત્રાઓને નિશુલ્ક રહેવા - જમવાની સગવડ પ્રાપ્ત છે)

અરજી પત્રક ભરવાની છેલ્લી તારીખ : ૩૦ મે ૨૦૧૪

**(નોંધ. તા. ૩૦.૦૫.૧૪ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.**

અરજીપત્રક મેળવવાનો તથા ભરીને પાછું આપવાનો સમય : ૦૩.૦૦ થી સાંજના ૫.૦૦ દરમ્યાન

કે.ડી.ઓ. જ્ઞાતિની છાત્રાઓને ઈન્ટરવ્યુ આપવાની તારીખ: ૧૦ મી જુન ૨૦૧૪

સમય : **જુની છાત્રાઓ** માટે ૧૦.૩૦ થી ૧.૦૦ ; **નવી છાત્રાઓ** માટે બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાકે

ઘાટકોપર ખાતેના છાત્રાલયમાં ઈન્ટરવ્યુ સમયે માતા/પિતા અથવા જવાબદાર વાલી સાથે હાજર રહેવાનું રહેશે, ત્યારબાદ કન્યા છાત્રાલય શરૂ થતા અને રિઝલ્ટ મળતા તેની ઝેરોક્ષ કોપી છાત્રાલયની ઓફીસમાં આપવાની રહેશે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન ભગિનીગૃહ (Working Women's Hostel)**

**હોસ્ટેલ એડ્રેસ :** ૨૬૩/૬૫ જુનું અનંતભુવન, ૪ થે માળે, ભાત બજાર, નરશીનાથા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૯

**કાર્યાલય એડ્રેસ :** કન્યાછાત્રાલય, ગારોડીયા નગર (ઉપર મુજબ)

કે.ડી.ઓ. જૈન તેમજ અન્ય જ્ઞાતીની સર્વિસ કરતી મહિલાઓને રહેવા અર્થેની સુવિધા.

**૩. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ :**

(વીરજી લધાભાઈ ટ્રસ્ટ, મણી માણેક ચે. ટ્રસ્ટ, શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી કે.ડી.ઓ. જૈન મુંબઇ મહાજન)

S.S.C. માં ૫૦ ટક્કા કે તેથી વધુ ગુણાંકે પાસ થયેલ કોલેજના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને હોસ્ટેલ ફી માટે વગર વ્યાજે લોન / શિષ્યવૃતિ આપવામાં આવે છે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ **૩૦મી જુન ૨૦૧૪** છે. વધુ વિગત કાર્યાલયમાંથી મેળવી લેવી.

**નોંધ:** પ્રત્યેક પરિણામની ઓરીજીનલ માર્કશીટ ઈન્ટરવ્યુ દરમ્યાન સાથે લાવવી

લોન અરજીફોર્મ નવા બનાવેલ છે; જુના અરજીફોર્મ સ્વીકારાશે નહી;

**નવા અરજીફોર્મ સંસ્થાની ઓફિસેથી મેળવી ભરવાના રહેશે.**

**૪. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત**

**શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાંબાઈ કાનજી મોતા, તેરાવાલા શાળા ફી, પુસ્તક સહાય ફંડ**

(ધોરણ ૧ થી ૧૦ માટેશાળા ફી તથા પુસ્તક સહાય) ફોર્મ ભરવાની છેલ્લી તા. **૩૦ મી જુન ૨૦૧૪** છે.

**નોંધ :** વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીએ અરજી કરવી નહી. **જ્ઞાનદાન શ્રેષ્ઠદાન**



## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)

## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

કામદાર કોલોની, રોડ નં. ૩, શેરી નં. ૩, એરોડ્રોમ રોડ, જામનગર, ફોન : (૦૨૮૮) ૨૭૧૩૭૭૦

# એક ઐતિહાસિક અવિસ્મરણિય દિવસ

**કન્યા છાત્રાલય માટે તા. ૨૫/૦૧/૨૦૧૪ નો દિવસ એક ઐતિહાસિક અવિસ્મરણિય દિવસ હતો કારણ કે......**

જામનગર સ્થિત આપણી કન્યા છાત્રાલય દ્વારા હર વર્ષે ૨૬ મી જાન્યુઆરી હાલારોત્સવ તરીકે ઉજવાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉજવવાનું નક્કી થયું. દીકરીઓએ તૈયારી આરંભી, કંઇક નવુ કરીએ એ વિચાર સાથે શરૂઆત થઇ અને અંતે તદ્દ્ન નવુંજ થઇ ગયું. આ વર્ષે દીકરીઓએ કુમારી ઇશાની નીગરાની હેઠળ એક નૃત્યનાટિકા તૈયાર કરી. આપણ રજમાં તિર્થંકર દેવાધિદેવ ભગવાન મહાવીરના જીવન ઉપર આધારીત **''મહામાનવ મહાવીર સ્વામી''**. આમ સામાન્ય કાર્યક્રમના વિચારથી શરૂ થયેલી તૈયારી એક ત્રણ કલાકની સંપૂર્ણ નૃત્યનાટિકા સાથે પુરી થઇ.



કહેવાય છે કે ખાણમાંથી હીરા નીકળે ત્યારે તે પત્થર જ હોય છે. જ્યારે જાણકાર કારીગર તેને પાસા પાડે છે ઘાટ આપે છે ત્યારે જ તે અમુલ્ય હીરો બને છે. કાંઇક આવું જ થયું આપણી કન્યા છાત્રાલયની દીકરીઓ સાથે. અજૈન એવા પિયુષ ભટ્ટે વિનામૂલ્યે કોઇપણ અપેક્ષા વગર નૃત્યનાટીકા તેમજ ગીતો લખી આપ્યા. જન્મે બ્રાહ્મણ અને ભરત નાટ્યમમાં પારંગત ઇશા જોષીએ દોરવણી આપી અને આપણી દીકરીઓએ રજૂઆત કરી સરસ નૃત્ય નાટીકા. નાટીકાની રજૂઆત એટલી સરસ હતી કે કદાચ સારા કલાકારો પણ આ રીતે ભજવી ન શકે. ખાસ નાટક માટે જ તૈયાર કરેલ નૃત્યગીતો, મંચ સજાવટ અને વેશ પરિધાનથી એક એવા નાટકની રજૂઆત થઇ કે પધારેલા લગભગ ૬૦૦ જ્ઞાતીજનો અને મહેમાનોએ સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન પોતાની બેઠક ઉપરથી ઊભા થવાની કોશિષ પણ ન કરી.

ચાલુ અભ્યાસે સતત ત્રણ મહિનાની મહેનત, રજૂઆત પહેલાનો ડર કે શું થશે ? પણ એકવાર નાટીકાની શરૂઆત થયા બાદ દીકરીઓનો આત્મવિશ્વાસ તેમજ મહેનત જે રંગ લાવી કે પધારેલા સર્વની આંખો ખુલ્લીજ રહી ગઇ તેમજ મોં આશ્ચર્યથી પહોળા થઇ ગયા અને દરેકના મોંમાંથી ઉદ્ગારો

સરી પડયા કે વાહ... વાહ..., ખૂબજ સરસ..., અફલાતૂન..., સુપર્બ...  કાર્યક્રમ માટે પધારેલા દીકરીઓના માતા - પિતા તો માનવાજ તૈયાર નહતા કે આ નાટીકા તેમની દીકરીઓજ ભજવી રહી છે. નાટીકા પૂર્ણ થયા બાદ સર્વેએ દીકરીઓને હર્ષના આંસૂથી વધાવી લીધી. નાટીકા દરમ્યાન સતત તાળીઓના ગડગડાટ થતો હતો. કાર્યક્રમ બાદ ભોજનને ન્યાય આપી સર્વે બીજા દિવસની તૈયારીમાં લાગી ગયા.

બીજે દિવસે ૨૬મી જાન્યુઆરીના સવારે ધ્વજવંદન, પ્રાસંગિક પ્રવચનો શિબિર દરમિયાન દીકરીઓ દ્વારા બનાવેલ ચીજ વસ્તુઓનું પ્રદર્શન, વિવિધ રમત-ગમત, રાસ ગરબા અને અંતે બપોરનું ભોજન લઇ સર્વે છૂટા પડયા. બંન્ને દિવસના કાર્યક્રમ દરમિયાન અતિથી વિશેષ તરીકે

- શ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂજી જાડેજા (હકુભા) (ધારાસભ્યશ્રી - જામનગર શહેર)
- શ્રી રમણિકભાઇ કે. શાહ (મેનેજીંગ ટ્રસ્ટી - ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ)
- કુમારી કિર્તીબેન સુરેશભાઇ સોની (એડવોકેટ હાઇકોર્ટ)
- શ્રી નિલેશભાઇ ટોલિયા (જૈન અગ્રણી જામનગર)
- શ્રી ભાનુભાઇ દોશી (પ્રમુખ - સમસ્ત જૈન સમાજ, જામનગર)
- શ્રી ભરતભાઇ પટેલ (જૈન અગ્રણી જામનગર)

**કાર્યક્રમના પ્રમુખ તરીકે** તિલકચંદ્ર જયંતીલાલ ખોના (પ્રમુખશ્રી - શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતી મહાજન, જામનગર) બીરાજમાન હતા.

**અને આમંત્રિત મહેમાન તરીકે**

- શ્રી બી. એન. દવે (જામનગર જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી)
- શ્રીમતી તારાબેન વિ. પાંભર (આચાર્ય શ્રી એ. બી. કન્યા વિરાણી વિદ્યાલય)
- શ્રીમતી સ્નેહલબેન સુનિલ પલાન (પ્રિન્સીપલ શ્રી હરીયા સ્કુલ)
- શ્રી વિનુભાઇ પટેલ (અગ્રણી ઉદ્યોગપતી - જામનગર)
- શ્રી સોમચંદભાઇ ઠાકરશી ધરમશી (સમાજસેવક અને ટ્રસ્ટી ભરૂડીયા જૈન સંઘ)
- શ્રી ઠાકરશી ડાહ્યાલાલ ધરમશી (સમાજસેવક અને ભૂતપુર્વ પ્રમુખ શ્રી ક.દ.ઓ.જૈન અભ્યુદય ટ્રસ્ટ)
- શ્રી કાંતિલાલ ગાંગજી વોરા (સમાજસેવક અને ભૂતપુર્વ પ્રમુખ શ્રી રંગપુર જૈન સંઘ)
- શ્રી મહેંદ્રભાઇ વિશનજી લોડાયા (સમાજસેવક અને ભૂતપુર્વ માનદ્ મંત્રી શ્રી ક.દ.ઓ.જૈન અભ્યુદય ટ્રસ્ટ)
- શ્રી સુરેશ રામજી નાગડા (વડાલા/રંગપૂર) (ઉપપ્રમુખ - શ્રી ક.દ.ઓ. જૈન સહાય્યક સમિતી ટ્રસ્ટ)

તેમજ મુંબઇ, કચ્છ અને બહારગામથી બહોળી સંખ્યામાં જ્ઞાતીજનોએ હાજરી આપેલ હતી.

આ પ્રસંગે સંસ્થા વિષે જાણકારી મેળવી તેમજ દીકરીઓનું કલા, કૌશલ્ય અને પ્રગતિ જોઇ આમંત્રિત મહેમાન તરીકે હાજર રહેલ **જ્ઞાતી શ્રેષ્ઠી ગામ સેવક ભરૂડીયાના શ્રી સોમચંદભાઇ ઠાકરશી ધરમશીએ રૂા.૫,૫૫,૫૫૫/- નું દાન જાહેર કરેલ.**

તેમજ હાજર જ્ઞાતીજનો અને મહેમાનોએ એક વર્ષ એક દીકરી શૈક્ષણિક દત્તક યોજનામાં રૂા. ૩૧,૦૦૦/- ના ૧૯ નામ મળેલ જે નીચે મુજબ છે.

૧) શ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂજી જાડેજા (હકુભા) (ધારાસભ્યશ્રી - જામનગર શહેર)
૨) શ્રી રમણિકભાઇ કે. શાહ (મેનેજીંગ ટ્રસ્ટી - ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ)
૩) શ્રી સોમચંદ ઠાકરશી ધરમશી (સેવક ભરૂડીયા/મસ્જિદબંદર)
૪) માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા/મુલુંડ)
૫) શ્રી વિજયભાઇ આસારામ ઠક્કર (મુલુંડ)

૬) શ્રી કમલેશભાઇ સંઘવી / શ્રી યોગેશભાઇ દિલ્લીવાલા (મુંબઇ)
૭) કુમાર ધવલ મયુર લોડાયા હસ્તે જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર (મોટીખાવડી/ઘાટકોપર)
૮) માતુશ્રી લીલબાઇ પદમશી વોરા (રંગપૂર/કોઇમ્બતૂર)
૯) માતુશ્રી લલીતાબેન કેશવજી ધરમશી પરિવાર (રંગપૂર / મુલુંડ)
૧૦) માતુશ્રી પુષ્પાબેન ભવાનજી ખોના પરિવાર (મોટીખાવડી / જામનગર)
૧૧) માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા પરિવાર (મોટીખાવડી / જામનગર)
૧૨) માતુશ્રી ખમાવંતીબેન ચિમનલાલ ખોના પરિવાર (મોટીખાવડી / ડોંબિવલી)
૧૩) માતુશ્રી પુષ્પાબેન પાશ્વિર નાગડા હસ્તે ખુશાલી બિપીન નાગડા (રંગપૂર/મુલુંડ)
૧૪) માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપસિયા પરિવાર (દલતુંગી / મુલુંડ)
૧૫) માતુશ્રી જયાબેન વિશનજી લોડાયા પરિવાર (મોટીખાવડી / મુલુંડ)
૧૬) માતુશ્રી બાયાંબાઇ ગોવિંદજી લોડાયા પરિવાર હસ્તે અનિતા જીવરાજ (મોટીખાવડી / ઠાણા)
૧૭) શ્રી ગુલાબ ડુંગરશી ધરમશી (સાંધણ / મુલુંડ)
૧૮) શ્રી સતિષ શેડગે (દિર્બા આર્ટસ્) (ભાંડૂપ)
૧૯) શ્રી અજયસિંગ (જામનગર)

દિકરીઓનો કાર્યક્રમ માણી અને ખુબજ ખુશ થયેલ કચ્છ થી પધારેલ શ્રી લબ્ધીકુમાર મોમાયાએ આ પ્રસંગે રૂા. ૧૧,૦૦૦/- નું ઇનામ દિકરીઓને આપેલ. તેમજ માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર તરફથી રૂા.૨૫૧/- દરકે દિકરીને, માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા પરિવાર તરફથી રૂા. ૧૫૧/- દરેક દિકરીને, માતુશ્રી જયાબેન વિશનજી લોડાયા પરિવાર તરફથી રૂા. ૧૦૦/- દરેક દિકરીને ઇનામ રૂપે અપાયેલ.

કાર્યક્રમની સફળતાનો યશ દીકરીઓની સાથે સાથે પિયુષભાઇ ભટ્ટ, કુમારી ઇશા જોશી તેના મમ્મી-પપ્પા, ગૃહમાતા, જામનગર ખાતેની જવાબદારી સંભાળી રહેલ મનોજભાઇ ખોના, સુનીલભાઇ લોડાયા, મુંબઇ થી અશોકભાઇ દંડ, પંકજભાઇ ધરમશી, વિજયભાઇ લોડાયા તેમજ નામી અનામી દરેક કાર્યકર્તાને જાય છે.

નિયત કાર્યક્રમ માટે દાતાઓ પાસેથી આર્થિક યોગદાન પ્રાપ્ત થયેલ. આમ દરેક રીતે કન્યા છાત્રાલય માટે ઐતિહાસિક દિવસ પુરવાર થયેલ. દીકરીઓને ખૂબ ખૂબ અભિનંદન, હંમેશા આગળ વધતી રહો. તેમજ સમાજમાં નામ રોશન કરે તેવી શુભેચ્છા. સર્વે પધારેલ જ્ઞાતીજનોનો તેમજ કાર્યક્રમની સફળતા માટે મદદરૂપ થયેલ સર્વે હિતેચ્છુઓનો અને સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર !



"જય કચ્છ" ॥ જય ગૌભક્ત શ્રી શંભુ મહારાજ ॥ "જીયો કચ્છી"

जय श्री महाराणा प्रताप

जय श्री छत्रपति शीवाजी   जय श्री सरदार वल्लभभाई पटेल   जय श्री नेताजी सुभाषचन्द्र बोस   जय श्री लालबहादुर श्रास्त्री

श्री BHALARA DADA ESTATE AGENCY GROUP (Parivar)

Labdhi Momaya (Social Worker)

M. : 098253 51001

Shop No. 4, Plot No. 50, Sai Lilashah Complex, Ward 12/C, Lilashah Nagar, Gandhidham (Kutch) 370201.

E-mail : dadabhalara@yahoo.in Website : www.dadabhalara.in


# ભલારા દાદા ઈસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)

## લબ્ધી મોમાયા (સામાજીક કાર્યકર : ૦૯૮૨૫૩૫૧૦૦૧)

# જાહેર ખુલાસો ''નિવેદન''

"જય કચ્છ" "જીયો કચ્છી" સાથે ધોલેરા (S.I.R.) રહેઠાણ હેતુ પ્લોટો સબંધે અસંખ્ય ફોનો, ઈન્કવારીઓ આવતા, તે અંગે ૧૦ થી ૧૧ વખત સતત સાઈટનો અભ્યાસ કરતાં  તેમજ ત્યાંના ખેડુત અને વેપારી વર્ગ સાથેની રૂબરૂ ચર્ચામાં જાણવા મળ્યું કે S.I.R. નો વિકાસ ધોંચમાં પડતા ગ્રાહકોના હિત જોખમાય તેમ છે . તેથી આપના સારા રીસ્પોન્સ છતાં તે કામ પડતું મુકવું પડયું છે. આપ સૌના સારા સહકારને પ્રતિસાદ આપી શક્યા નથી, તે ક્ષમ્ય ગણશો.

વાંકી તીર્થ (મુન્દ્રા) સનસીટી ૨ N.A. કંમ્પલેટ ૧૦૦ ચો. વાર દસ્તાવેજ ખર્ચ સાથે ૭૦.૫૦૦/- રૂા. માં ૨૯ પ્લોટો ખાલી થયેલ છે. જે બાકી ડ્રોના લાભો મળવા પાત્ર છે. તેમાં રસ ધરાવનારાઓને અમારા માનદ પ્રતિનિધીશ્રીઓનો વહેલા તે પહેલા ધોરણે સંપર્ક કરવા વિનંતી. મુંબઈના પ્રતિનિધી  શ્રી પ્રફુલભાઈ લોડાયા (મલાડ) મો. 09223346423.

સનસીટી. ૧.૨. (સર્વે નં. ૨૮૭ વાંકી તિર્થની સામે )ના સભ્ય મિત્રોના દસ્તાવેજ તૈયાર કરવાનું ચાલુ છે. બાકી હપ્તા ભરીને હકદાર બનો. વિગત માટે અમારા માનદ પ્રતિનિધીશ્રીઓનો સંપર્ક કરો.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®

તન મન

ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com


આખો દેશ પરિવર્તન ઈચ્છે છે. જે ભ્રષ્ટાચાર વગરની ઝડપી વિકાસ કરાવનાર સરકાર આપી શકે તેનેજ વોટ આપવો જોઈએ આ વાત ધ્યાન મા રાખીને મતદાન કરવા વિનંતી

- તન-મન પરિવાર


શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ

SHIKHARJI ™ Continental

MADHUBAN - JHARKHAND

06558-232429

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ - યવતમાલ

યવતમાલમાં પ.પૂ. મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી મ.સા. આદિ ઠાણા ૨ તથા વાત્સલ્ય મુર્તિ પ.પુ.સાધ્વી શ્રી જયરેખા શ્રીજી મ.સા. આદિ ઠાણા - ૫ સાથે ચતુર્વિધિ સંઘની હાજરીમાં અચલગચ્છ ભવન માં નીચે મુજબના કાર્યક્રમો યોજાયા.

૧. શ્રી કુંથુનાથ સ્વામી વિદ્યા અનુષ્ઠાન અભિષેક મહાપુજન પ.પુ. મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મસા.નીશ્રીમાં ભણાવવામાં આવેલ. સંઘપુજન તેમજ પ્રભાવના શ્રી સંઘતરફથી રાખવામાં આવેલ.

૨. રવિવારના ઉપાશ્રયમાં આરસ પહાણમાં પટ્ટ સ્થાપનનો લાભ શ્રી શાંતિલાલ લક્ષ્મીચંદ લોડાયા નલિયા - હાલ અમલનેર વાળાએ લીધેલ. શ્રી ઋષિમંડલ મહાપુજન ભણાવવા માટે શ્રી ચિરાગભાઈ સંગોઈ અંબરનાથ મુંબઈથી તેમજ ભક્તિ સંગીત માટે સૌ. અંજુબેન લહેરચંદ નાગડા - યવતમાલથી પધારેલ. સાંજના ચોવિહાર નો લાભ શ્રીમતી ધીરજબેન રતિલાલ શાહ - યવતમાલ પરિવારે લીધેલ. લગભગ ૪૦૦ ની સંખ્યા થયેલ હતી.

### જયશ્રી આશાપુરા માં

ગોસર નુખના કુળદેવી શ્રી આશાપુરામાંની અસીમ કૃપાથી અને ભુઈમાં અ.સૌ. કલ્પનાબેન કિરીટભાઈ ગોસરની પ્રેરણા અને માર્ગદર્શન થી ભદ્રેશ્વર ગામે શ્રી આશાપુરામાંના મંદિરના રંગ મંડપનું ભુમિ પુજન વિધિવત તા. ૧૩.૦૪.૧૪ ના રવિવારે મહાવીર જયંતીના શુભ દિને ગામ વાસીઓના સાથ સહકાર સાથે કરવામાં આવેલ.

### ક.દ.ઓ. જૈન મહિલા મંચ, નાગપુર

અત્રે તા. ૧૬.૩.૧૪ના રવિવારે મા મહાકાળીની ભાવના સૌ. પુનમ મોમાયા ને ત્યાં ભણાવવામાં આવી.

તા. ૮.૩.૧૪ ના દિવસે મહિલા દિવસ નિમિત્તે મહિલા મંચની બહેનો સ્વામી નારાયણ


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

॥ પ્રગટ પ્રભાવી શ્રી સુપાર્શ્વનાથ સ્વામિને નમઃ ॥

# હાલાર મંડન શ્રી મોડપર સુપાર્શ્વનાથ તીર્થોધ્ધાર

**મુ. પો. મોડપર, તાલુકો લાલપુર જીલ્લો જામનગર સૌરાષ્ટ્ર, ગુજરાત પીન – ૩૬૧૨૮૦.**

## નમ્ર નિવેદન

## પ્રાચીન જિનાલય - ગુરુ દેવ કુલિકા - શાસન દેવી ગવાક્ષ
## જીર્ણોધ્ધાર નિભાવ લક્કી ડ્રૉ દાનપત્ર યોજના શરૂઆતઃ વર્ષ ૨૦૦૮

આપને સુવિદિત છે તે પ્રમાણે ૪૦૦ વર્ષ થી વધારે પ્રાચીન હાલર મંડન શ્રી મોડપર સુપાર્શ્વનાથ તીર્થનું જીર્ણોધ્ધાર નું કાર્ય તા. ૧૫-૫-૨૦14 ના હાથ ધરવામાં આવેલ.

દિવ્ય કૃપા : શાસન સમ્રાટ ૭૨ જિનાલય તીર્થપ્રેરક અનંતોપકારી અચલગચ્છાધિરાજ પ.પૂ.ગુરુદેવ આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

શુભાશિષ : સળંગ ૪૭ વર્ષીતપારાધક, તપસ્વી સમ્રાટ, પરમશ્રધ્ધેય, અચલગચ્છેશ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

પ્રેરણા માર્ગદર્શન : સાહિત્ય દિવાકર, સૌમ્ય સ્વભાવી, રાજસ્થાન-દક્ષિણ દીપક, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સમારાધક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

A - પ્રાચીન જિનાલય જીર્ણોધ્ધાર તથા નિભાવ દાનપત્ર રૂા. ૧,૦૦૦/- અંકે એક હજાર.

B - દાદા ગુરુદેવોની દેવકુલિકા જીર્ણોધ્ધાર નિર્માણ નિભાવ અને વૈયાવચ્ચ દાનપત્ર રૂા. ૧,૦૦૦/- અંકે એક હજાર.

C - શાસનદેવ - દેવી દેવકુલિકા નિર્માણ નિભાવ અને સાધારણ ફંડ દાનપત્ર રૂા. ૧,૦૦૦/- અંકે એક હજાર.

- ૨૧ કે તેથી વધુ દાનપત્રોનો લાભ લેનાર ભાગ્યશાળીનું નામ ૨૧ અક્ષર પ્રમાણે ગ્રેનાઈટની તક્તિમાં ત્થા પ્રતિષ્ઠા મહોત્સવની સ્મરણિકામાં આવશે. ૯ દાનપત્રનું લાભ લેનાર ભાગ્યશાળીનું નામ ફક્ત પ્રતિષ્ઠા મહોત્સવની સ્મરણિકામાં આવશે.
- આ દાનપત્રો માટે પ્રેરણા આપનાર પૂજ્યશ્રીઓના નામ પણ તક્તિમાં આવશે.

ઉપરોક્ત યોજનાને પ.પૂ.આ ભગવંત તેમજ શ્રમણ-શ્રમણી વૃંદની પ્રેરણાથી સુંદર પ્રતિસાદ મળેલ. ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સાધુ-સાધ્વી ભગવંતોને ''લક્કી ડ્રૉ દાનપત્ર યોજના'' ની બુકો અનુદાન મેળવવા મોકલવામાં આવેલ.

**દાનપત્ર યોજનામાં જેમણે પણ લાભ લીધેલ છે અને દાનની રાશી જમા કરાવી દીધી છે તેમના નામની યાદી, ગ્રેનાઇટની તક્તીમાં કંડારવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.**

**આ જાહેર નિવેદન દ્વારા આપ સર્વે નું ધ્યાન દોરવામાં આવે છે કે આપની પાસે બાકી વધેલ દાનપત્ર યોજનાની બુક અને રાશી જમા કરાવવાની રહી ગઈ હોય તો વહેલી તકે સંસ્થાની ઑફિસમાં જમા કરાવવા વિનંતી.**

**લી. શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ**

દેવ ગુરૂની કૃપાથી અને આપ સૌના સાથ સહકારથી મોડપર દેરાસરનું જીર્ણોધ્ધાર સહ નવ નિર્માણનું કાર્ય પૂર્ણતાને આરે છે. પ્રતિષ્ઠા યુવાચાર્યના હસ્તે તા. ૫-૬-૨૦૧૪ ના નિર્ધારિલ છે. આપ સર્વેને મોડપર મુકામે અંજન શલાકા-પ્રતિષ્ઠા મહાત્સવ પ્રસંગે તા. ૧-૬-૨૦૧૪ થી તા. ૫-૬-૨૦૧૪ સુધી પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પ્રતિષ્ઠા આમંત્રણ પત્રિકા અને સ્મરણીકાનું કાર્ય પૂર જોશમાં થઈ રહ્યુ છે.

<u>પ્રતિષ્ઠા મહોત્સવના સર્વ સાધારણ ફંડમાં</u>

| | |
|---|---|
| રૂા. ૧,૦૮,૦૦૦/- | પ્રતિષ્ઠા મહોત્સવ લાખેણા દાતા |
| રૂા. ૫૪,૦૦૦/- | પ્રતિષ્ઠા મહોત્સવ આધારસ્તંભ દાતા |
| રૂા. ૨૫,૦૦૦/- | પ્રતિષ્ઠા મહોત્સવ સહાયક આધાર સ્તંભ દાતા |

ઉદાર હાથે સહયોગ કરી, ૪૦૦ વર્ષ પ્રાચીન તીર્થના જીર્ણોધ્ધારમાં અનંતગણું પુણ્ય પ્રાપ્ત કરી, પુણ્યાનુબંધી પુણ્યના ભાગીદાર બનીએ.

**નિમંત્રક :** શ્રી મોડપર સુપાર્શ્વનાથ પ્રભાવક તીર્થ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ
**કન્વીનરો :** ચીમન મોતા • પંકજ ધરમશી • કલ્પેશભાઇ મોતા • અશોકભાઇ દંડ • પારસભાઇ મૈશેરી

મુંબઈ કાર્યાલય : આર્ય - જય - કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
સંપર્ક : નિતીનભાઈ મહેતાજી, ટેલી.: ૦૨૨-૨૫૦૧ ૧૭૮૮

## અચલગચ્છાધીપતિ શ્રી જખૌ પધાર્યા



અચલગચ્છાધીપતિ પુ. આ.ભ. ગુણોદયસાગરજી તથા પુ. આ.ભ. કલાપ્રભસાગરજી પરિવાર સહિત તા. ૯.૦૪.૨૦૧૪ ના જખૌ તિર્થમાં પધાર્યા હતા. જખૌ ગામવાસીઓ ૩૦૦ થી ઉપરની સંખ્યામાં હાજર રહી મહાજન પ્રમુખશ્રી ભરત જીવાણી અને સુરેશ પટેલની આગેવાનીમા ભવ્ય સામૈયુ કર્યુ.

સામૈયામાં જૈનો તથા જૈનેતરો, સાંયરા - સિંધોડી - નલિયા - ભુજ તથા બાજુના સાધર્મિકોએ હાજરી આપી હતી. સામૈયામાં પાંચ - પાંચ ઢોલી શરણાઈ વાળા ૧૫ બેડા સણગારેલ બેનો પરંપરાગત દાંડીયા તથા પખાવાજ કરવામાંઆવેલ. પુજ્યશ્રી ના સામૈયા પ્રસંગે શ્રી જખૌ મહાજન, માતુશ્રી મુરબાઈ વિસનજી લોડાયા, માતુશ્રી જયાબાઈ ગોવિંદજી મૈશેરી, શ્રી હરીશ પદમશી વિકમશી સૌ. જ્યોતી હેમંત વિકમશી, જખૌ વિકમશી પરિવાર તરફથી તથા શ્રી રમેશ ટોકરશી લાલકા તરફથી પ્રભાવના કરવામાં આવેલ. નવકારશી/ચા સરબત માતુશ્રી રતનબાઈ ઉમરશી જીવાણી પરિવાર. સંઘ જમણ તથા સંઘ પુજન માતુશ્રી લીલબાઈ શીવજી લોડાયા (પોલીશ પટેલ) પરિવાર, ચૌવિહાર માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી વિમશી પરિવાર તરફથી લાભ લેવામાં આવેલ.

પુજ્યશ્રીના ગુરૂપુજન ચડાવાનો લાભ માતુશ્રી લીલબાઈ શીવજી લોડાયા (પોલીસ પટેલ) પરિવાર એ રૂ. ૧૧,૯૯૯/- માં લીધેલ આ સંપુર્ણ આયોજન માટે અશોક મૈશેરી તથા રાજેશ જીવાણીએ ખાસ જહેમત ઉપાડી હતી.

## ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજનો રજત જયંતી વર્ષમાં પ્રવેશ

ક.દ.ઓ. વેલ્ફેર એસોશિએશન સંચાલિત સામાજિક સુરક્ષા યોજનાએ ૧ લી એપ્રિલ ૨૦૧૪ થી રજત જયંતી વર્ષમાં પ્રવેશ ક્ર્યો છે. છેલ્લા ૨૪ વર્ષ દરમ્યાન ૯૬૮૩ જ્ઞાતિજનો મેમ્બર બન્યો છે.

તેમાંથી ૨૭૧ સભ્યોનું સભ્યપદ દરમ્યાન અવસાન થયું છે. જેમને લાભાંશ ચુકવી આપવામાં આવ્યા છે. ૨૧૬૭ સભ્યો ૫૫ વર્ષની વયે રીટાયર થયા છે. ૫ વર્ષથી વધુ સભ્યપદે રહી ચુકેલા સર્વે રીટાયર સભ્યોને આ વર્ષે ૨૫ થી સૌ ટક્કા જેટલું બોનસ અપાયું છે.

એપ્રિલ ૨૦૧૪ દરમ્યાન શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગાંધીધામના અન્ય ૪૮ સભ્યપદના ફોર્મ મળ્યા છે. મહાજનના સહયોગ બદલ અનુમોદના.

ફક્ત એકજ વખત રૂા. ૨૦૦/- સભ્યપદ ફી અને રૂા. ૨૦૦૦/- રીફંડેબલ ડીપોજીટ ભરી ૫૫ વર્ષની વય સુધી રૂા. ૭૫, ૦૦૦/- નો વિમો રહે છે. અકસ્માતે અવસાન થતા વધારાના રૂા. ૭૫,૦૦૦/- મળે છે. સભ્ય ૫૫ વર્ષે રીટાયર થતા બોનસ સાથે ડીપોઝીટ પરત કરાય છે.

વર્ષ ૨૦૧૩ - ૧૪માં ૧૮ સભ્યોના અવસાન થયું ૧૬૧ રીટાયર થયા તથા ૫૦૦ નવા સભ્યો બન્યા.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## પરબ શક્તિ સંજીવની સોસાયટી

પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા ગત ૨૫ માર્ચના ઘાટકોપર અનંતછાયા ખાતે અનાજ, મસાલા, સુકવણી વગેરે વસ્તુઓના વિતરણનું આયોજન શ્રી લખલક્ષ્મી લુઠીયા જન સહાયક ફંડના ઉપક્રમે ખુબ સફળ રહ્યું.

૨૫ ગૃહઉદ્યોગ કરતી બહેનોને વિનામુલ્ય સ્ટોલ અપાયેલ, જેમાં બધીજ, બહેનોને સારું  સેલ મળ્યું. પોતાના પ્રોડક્ટનું માર્કેટીંગ થતાં બહેનોને ખુબ સંતોષ થયો. ઘરે બનાવેલા મસાલા, પાપડ, વડી, નાસ્તા, મુખવાસ, આથાણા, પેંડા, શરબત, ખાખરાના સ્ટોલ હતા. ગુણવતાવાળા અનાજનું રાહત ભાવે વિતરણ પરબ તરફથી રાખેલ. બન્ને દિવસ ચા, ઠંડુ, નાસ્તો પરબ તરફથી બધાજ સ્ટોલ ધારકોને અપાયેલ. જેની કિમંત આપણી જ્ઞાતિની ત્રણ - ચાર બહેનોએ  આપી હતી. એમને પણ પ્રોત્સાહન અપાયું. ચંદનબેન મોમાયા, પુષ્પાબેન ખોના તેમજ કાશ્મિરાબેન લુઠીયા, તરફથી જન્મદિવસ નિમિત્તે સેવાનો લાભ પણ મળ્યો.

## પરબ શક્તિ સંજીવની સોસાયટી
## માતૃદિન ઉજવણી વિશે વિશેષ કાર્યક્રમ

પરબ શક્તિ સંજીવની સોસાયટી તા. શુક્રવાર ૯.૦૫.૨૦૧૪ ના, બપોરે ૧ વાગ્યે શેઠ નારાણજી શામજી મહાજનવાડી ''માતૃદિન'' નિમિત્તે ''તીર્થોત્તમ'' (માં) નામે વિશેષ કાર્યક્રમ યોજશે.

રજીસ્ટ્રેશન માટે પરબનાં ટ્રસ્ટીઓનો સંપર્ક સાધવો. ઈન્દિરા વીકમશી : 09324036055, તરલા ધુલ્લા : 09820281919, દમયંતી શાહ : 09324107467, કાશ્મિરા લુઠીયા : 09821675772, દત્તા ખીમજી : 09820032882, મીરા મોમાયા : 09869064289, પુષ્પા ખોના : 09322262521, લીના કાયાણી : 09820926699, જયશ્રી દંડ : 09892215560, પારુલ મોતા : 09322280529, ચંદન મોમાયા : 9820803010, મીના શાહ : 09820566306.

## હાડકાના દર્દીઓ માટે કેમ્પ

**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ** તથા **શ્રી કિરીટભાઈ લાપસીયા પરિવાર** અને **જે.વી.સી. સંઘ**ના સથવારે તા. ૨૫.૪.૧૪ના બપોરે ૧૨.૩૦ થી ૩.૩૦ કલાક સુધી અનંતછાયા, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર, ઈસ્ટ ખાતે હાડકાની તકલીફ ધરવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : અજય લોડયા - ૯૮૯૨૩૭૨૭૭૭ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરિજીયાત છે. રજીસ્ટ્રેશનના રૂ. ૫૦/- ત્યાં આવીને આપવાના રહેશે.

## કિડની - લીવર - સ્કીન તથા અન્ય રોગનો
## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શનિવાર તા. ૨૬.૪.૧૪ ના સવારે ૧૧.૦૦ થી બપોરે ૪.૦૦ વાગ્યા તથા રવિવાર ૨૭.૪.૧૪ના સવારે ૯થી ૨.૦૦ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર જૈન દેરાસરની સામે. ખાતે યોજાયેલ છે રજીસ્ટ્રેશન માટે સપર્ક : શ્વેતા મિતેશ શાહ - ૯૬૧૯૨૭૦૪૩૦ પર કરાવવું જરૂરી છે.

## ડો. જયંતિલાલ પદમશી ખોના અને
## શ્રીમતી પ્રીતી શૈલેશ શાહનું અભિવાદન

માનવજ્યોત દ્વારા ડ્રગ બેંકના પ્રોજેક્ટનું સંચાલન કરતા ડો. જયંતિલાલ પદમશી ખોના અને તેમના સહયોગી ફારમાસીસ્ટ શ્રીમતી પ્રીતા શૈલેશ શાહનું તથા રીના દેઢિયાનું ગુડી પડવાના મંગલ દિને અભિવાદન કરવામાં આવ્યું હતું.

તેમણે બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ પ્રોજેક્ટ હેઠળ મેડીકલ બોક્સ દ્વારા એકત્ર કરવામાં આવેલી દવાઓનું સોર્ટીંગ કરી, તેને જરૂરતમંદ દરદીઓમાં વિનામુલ્યે વિતરણ કરવા ચાલી રહેલા પ્રોજેક્ટ દ્વારા પ્રશંસનીય સિદ્ધિ પ્રાપ્ત કરી છે.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

મંદિરે દર્શન માટે ગયેલ. દર્શન કર્યા બાદ ભગવાનના અભિષેકનો પણ લાભ લીધેલ.

ચૈત્ર નવરાત્ર દરમ્યાન આઠમના દિવસે તા. ૭.૪.૧૪ સોમવારે મહાકાળીમાની ભાવના સૌ કસ્તુરબેન ધરમશીને ત્યાં રાખવામાં આવી.

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા

તા. ૧.૨.૧૪ ના રોજ મીનાબેનના ઘરે દોહિત્રી ધ્વજાની જન્મખુશાલી નિમિત્તે હરખપાર્ટી રાખવામાં આવેલ. મંડળની બહેનોએ હાલરડા ગાયા. યજમાને સાધર્મિક ભક્તિ કરાવી મંડળને રૂા. ૧૦૦૦ ભેટ આપેલ છે.

તા. ૭.૨.૧૪ સંઘ તરફથી સમેતશિખર યાત્રાનું આયોજન કરવામાં આવેલ. બે બસો

**આભાર... અનુમોદના... અભિનંદન...**

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા - બારોઈ**

બારોઈ જિનાલયના સાર્ધ શતાબ્ધિ મહોત્સવ એવમ ગોએરસમાં જિનાલયના ૮૫મા ધ્વજા મહોત્સવ પ્રસંગે બારોઈના ઉપરના ઉપાશ્રય માટે માતુશ્રી હીરાવંતીબેન ચીમનલાલ દામજી મોમાયા - બારોઈ - સેંઘવાવાળા પરિવારનું નામ દાતા તરીકે જાહેર થતા સંઘ ગદગદિત થયેલ. સન ૨૦૦૫માં નીચેના ઉપાશ્રય માટે પણ આપનું નામ જ દાતા તરીકે જાહેર થયેલ. જેથી આખા ઉપાશ્રય માટે એકજ પરિવારનું નામ મળતા આ અમુલ્ય યોગદાન ને બિરદાવતા સંઘ એમની ભુરી ભુરી અનુમોદના કરે છે. પહેલા પણ આ પરિવારે બારોઈ જિનાલયનો જિર્ણોદ્ધાર અને મુળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પુનઃ પ્રતિષ્ઠાનો લાભ લીધેલ. આપનો પરિવાર સદૈવ શાસન, ધર્મ, સામાજિક અને પુણ્યવાન સદકાર્યો કરતો રહે આપના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ સદા વરતાતી રહે એવી શુભ - ભાવના સહ પરમાત્માને અભ્યર્થના.

**શ્રી ધનપતિ કુંવરજી મોમાયા (પ્રમુખશ્રી)** ના
જય જિનેન્દ્ર

**ભુલ સુધાર : પ્રકાશ સમીક્ષાના અંક નં ૧૪ના સત્તરમાં પાનાપર છપાયેલ અહેવાલમાં ગામનું નામ ગોએસરમાં છપાયુ છે તે ગોએરસમા વાંચવું**

દ્વારા શુક્રવાર રાતના નીકળી રવિવાર રાતના પરત આવેલ.

તા. ૧૫.૨.૧૪ કચ્છી મહિલા મંડળવતી સિધ્ધગિરી યાત્રાનું આયોજન થયેલ. સંઘ માતા મીરાબેન મોતા હતા. ૨૧ ગામની યાત્રા કરી પાછા ૨૩.૨.૧૪ના કલકત્તા આવ્યા. તા. ૮.૩.૧૪ના મંડળવતી મીરાબેન મોતાનું સન્માન ચાંદીનું વહાણ આપી કસ્તુરબેન, રતનબેન, પુષ્પાબાઈ તથા હીરાબાઈએ કર્યું.

મીરાબેને તેજ દિવસે સ્નાત્રપુજા ભણાવી બધાને સાધર્મિક ભક્તિ કરાવેલ. રસગુલ્લા જયશ્રીબેન ખોના તરફથી હતા. મંડળને રૂા. ૨૫૦૦ ભેટ આપેલ.

તા. ૯.૩.૧૪ ગુણવંતીબેન લક્ષ્મીચંદભાઈ લુઠિયા તરફથી બારવ્રત પુજા ભણાવવામાં આવેલ. મંડળને રૂા. ૧૫૦૦ ભેટ મળેલ તેમના તરફથી સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ.

તા. ૧૫.૩.૧૪ તારાબેન કીશોરભાઈ તરફથી ગેટટુગેધર રાખવમાં આવેલ. બધાને સાધર્મિક ભક્તિ કરાવી, મંડળને રૂા. ૨૦૦૧ ભેટ આપેલ.

૧૬.૩.૧૪ યુવા મંડળ તરફથી હોળીનો ઉત્સવ મનાવવામાં આવેલ. રાજસ્થાન ગીત ઉપર બધા મનમુકી નાચેલ.

તા. ૨૦.૩.૧૪ કલ્પનાબેન વીરાને ઘરે ગેટટુગેધર રાખવામાં આવેલ. બધાને સાધર્મિક ભક્તિ કરાવેલ.

ગીતાબેન સુનીલભાઈ તરફથી પાર્શ્વનાથ પંચ કલ્યાણજી પુજા ભણાવવામાં આવેલ. અલ્પાહાર રાખવામાં આવેલ. મંડળને રૂા. ૧૦૦૦ ભેટ મળેલ.

૨૬.૩.૧૪ ગુણવંતીબેન લક્ષ્મીચંદભાઈ તરફથી ગોત્ર પુજા ભણાવવામાં આવેલ.

તા. ૨૮.૩.૧૪ નયનાબેન બુરિચાને ત્યાં કીટી પાર્ટી રાખવામાં આવેલ. બપોરના બધાને લંચ સાથે ગેમ્સ - હાઉસી રમાડેલ. ૧. કીર્તીબેન શાહ, ઉષાબેન શાહ, રીટા શાહ, કીર્તી શાહને પ્રાઈઝ મળેલ.

તા. ૨.૪.૧૪ ના રોજ ઉષાબેન ના ઘરે કીટી પાર્ટી રાખવામાં આવેલ. બધાને લંચ ગેમ્સ, હાઉસી રમાડેલ. મીના શાહ, નયના બુરીચા, મીના શાહ, મંજરી વીરાને પ્રાઈજ મળેલ.

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પ્રમીલા ખીમજી લોડાયા** | ગીતા અપાર્ટમેન્ટ, રૂમ નં. ૩, પહેલા માળે, શીવાજી ચૌક, મહારાષ્ટ્ર બેંક ની બાજુમાં, નીઝામાબાદ, આંધ્રપ્રદેશ - ૫૦૩૦૦૧ |
| **મેહુલ લાલજી મોતા** | ફલેટ નં. ૪૫ / ઈ, સેક્ટર નં. ૨. સ્કાય લાઈન, ટેનામેંટ, એસ.વ્હી.પી. હાઈસ્કુલની સામે, ગાંધીધામ કચ્છ |
| **દિલીપ ડુંગરશી લાપસીયા** | ૧૬૦૨, નિલકંઠ હાઈટસ, નિલકંઠ નગર, બી.પી.એસ. ક્રોસ રોડ, મુલુંડ (પ), મુંબઈ - ૮૦ |

**નવા/બદલાયેલા ફોન નંબર**

| | | | |
|---|---|---|---|
| **મેહુલ લાલજી મોતા** | 09413304295 / 09978904295 /09979406170 | **દિલીપ ડુંગરશી લાપસીયા** | 09214426142 |

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૨.૧૪ | ભરુચ | જય-રાજેશ્રી/ભાવીન નાગડા | નલીયા | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૩.૧૪ | - | વિશાલ વિરચંદ નાગડા | રાપરગઢવારી | ૨૬ |
| | - | ડોલી સંતોષ ધરમશી | જખૌ | ૨૩ |

**આંતર જ્ઞાતીય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૦૩.૧૪ | ઘાટકોપર | ભુવીન પ્રતિમા ભરત ઠક્કર | જામનગર | ૨૫ |
| | ઘાટકોપર | પુજા સુશીલા નેમચંદ કચરાભાઈ જૈન(નાગડા) | રંગપુર | ૨૩ |

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૦૨.૧૪ | મુલુંડ | મિતેશ ઝવેરચંદ નરશી લોડાયા | રાપર | ૨૮ |
| | વસઈ | ડિમ્પલ જયેશ મણિલાલ મોતા | લખાણીયા | ૨૩ |

**આંતર જ્ઞાતીય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૦૪.૧૪ | કોઈમ્બતુર | ચિંતન નીતીન રતિલાલ શામજી લોડાયા | સુથરી | ૩૩ |
| | કોઈમ્બતુર | આરતી હીરેન જમનાદાસ ઠક્કર | અંજાર | ૨૮ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૦૪.૧૪ | ઠાણા | કસ્તુરીબાઈ રતીલાલ વિસનજી નાગડા | જખૌ | ૭૨ |
| ૧૫.૦૪.૧૪ | અંધેરી | પ્રવીણ દેવજી દામજી ખોના | જખૌ | ૭૪ |
| ૧૧.૦૪.૧૪ | ડોંબિવલી | નવિનચંદ્ર વેલજી જેઠાભાઈ પોલડીયા | ડુંમરા | ૮૦ |
| ૧૬.૦૪.૧૪ | ઠાણા | જયાબાઇ દામજી ગોવિંદજી લોડાયા | નાની ખાવડી | ૮૦ |
| ૧૬.૦૪.૧૪ | ઘાટકોપર | દમયંતીબેન ઝવેરચંદ દામજી દંડ | મંજલ | ૫૯ |

## જામનગરની સંસ્થાઓને અનુદાન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ સચાલિત શા. રામજી માણેકજી નાગડા સેનેટોરિયમ તથા શા. નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થી ગૃહ જામનગરને મળેલા અનુદાનોની યાદીઃ સોમચંદ ઠાકરશી ધરમશી (સેવક ભરૂડીયા - મુંબઈ) રૂા. ૫૧૦૦૦/-, સોમચંદ ઠાકરશી ધરમશી, વિનોદ શામજી દંડ સેવકભરૂડીયા, મુંબઈ રૂા. ૨૫૦૦૦/-, સુરેશ રામજી નાગડા, રંગપુર, મુંબઈ રૂા. ૧૫૦૦૦/-, ઝવેરચંદ નાગશી દેવાણી/ સુર્યકાન્ત નાગશી દેવાણી (વડાલા), રૂા. ૧૦૦૦૦/-, અનિલ વેલજી લાપસીયા (દલતુંગી) રૂા. ૨૦૦૦/-.

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## બહુમાનનો અતિરેક્ત - પ્રવિણચંદ્ર શામજી ધરમશી (કોઠારા - સુરત) મો. ૯૯૭૮૯૦૩૨૪૭

હિન્દીમાં બહુ પ્રસિદ્ધ શબ્દ સમુહ છે. આન - બાન ઔર શાન. તેવીજ રીતે ગુજરાતીમાં માન સ્વમાન, અપમાન, બહુમાન, સન્માન, અભિમાન આ શબ્દો પણ ઘણીવાર સાંભળવવા મળે છે. એક નવો શબ્દ અવમાન પણ શક્ય છે. જેમ રૂપિયાનું અવમુલ્યન થાય તેમ મનુષ્યનું 'અવમાન' પણ શક્ય છે.

માન, સ્વમાન, અભિમાન, સન્માન, બહુમાન અપમાન અને અવમાન આ શબ્દોનો જનક શબ્દ માન છે. જેમાં પ્રત્યાહાર (Prefix) ઉમેરીને અન્ય શબ્દો બેનલા છે અને જે બધા માન એટલે કે ગરિમાની સાથે જોડાયેલા છે. માન એ મુળભુત શબ્દ મનુષ્યના સભ્યતા, સૌજન્યતા, શિષ્ટાચાર, સંબોધન અને સંસ્કાર સાથે સંકળાયેલા છે. મોટા ભાગના સંબંધો માન આપવા અને માન દેવા પર ટકેલા છે. માનની અભિવ્યક્તિ વાણી, વર્તન અનેવ્યવહાર દ્વારા વ્યક્ત થાય છે. તેથી વાણી, વર્તન અને વ્યવહારનો ઉચિત ઉપયોગ થાય એ જરૂરી છે નહીં તો સબંધો બગડી શકે છે.

ઉપરના માન જનક શબ્દમાંથી ઉત્પન્ન થયેલા અન્ય છ શબ્દો વિશે થોડી છણાવટ કરવી જરૂરી છે. સ્વમાન એ સ્વ એટલે કે વ્યક્તિગત છે. દરેક મનુષ્યની પોતાની સ્વમાનની એક પરિભાષા હોય છે. એક સરખી માવજત કરવા છતાં કોઈ અતિસ્વમાની વ્યક્તિને ખોટું લાગી જાય છે. આવી વ્યક્તિઓ માટે કદાચ યોગ્ય શબ્દ છે જ્વલનશીલ (Highly inflamable) અને તેમના સાથે કામ કરવું કે વ્યવહાર કરવો અત્યંત મુશ્કેલ હોય છે. તેથી મોટા ભાગના લોકો તેમને અભિમાની માને છે અને બને તેટલા દુર રહેવાની કોશિષ કરે છે. સ્વમાન નો અતિરિક્ત એટલે અભિમાન, ઘણી વાર અત્યંત સંવેદનશીલ કે ભાવુક વ્યક્તિઓને પણ વારંવાર અવમાન થયાનું લાગે છે અને તેઓ રિસાઈ જાય છે. સ્વમાન, અવમાન અને અભિમાન મનુષ્યના સ્વભાવ અને માનસિક સ્થિતી સાથે સંકળાયેલા છે.

માનની સાથે 'અપ' એટલે કે ખરાબ જન્ય પ્રત્યાહાર લાગે ત્યારે અપમાન શબ્દ બને છે. કોઈને ખરાબ લાગે તેવી વાણી, વર્તન કે વ્યવહાર અને ખાસ કરીને જ્યારે તે ઈરાદાપુર્વક કરવામાં આવે ત્યારે અપમાન જનક પરિસ્થિતિનો જન્મ થાય છે. અને જે સબંધોને વણસાવવા માટે કારણભુત બને છે તેથી શાણા માણસો ખાસ કરીને જ્યારે સબંધો નાજુક હોય, અંગત હોય કે ઔપચારિક હોય ત્યારે વાણી, વર્તન અને વ્યવહારમાં સાવધ સચેત સાવચેત અને સક્રિય રહે છે. સબંધોમાં શિષ્ટાચારનો લાભ થાય કે પરંપરાગત નિયમોનો ઈરાદાપુર્વક ભગંથાય કે સંસ્થાના નિયમોનો ભંગ થાય ત્યારે અપમાન જનક સ્થિતિનું નિર્માણ ન થાય માટે શક્ય એટલી સાવચેતી લેવી જરૂરી છે.

સન્માન એ માનનું ઉર્ધ્વ સ્વરૂપ છે જેમકે લગ્ન સમયે કન્યાના પિતા વરના પિતાનું શાલ ઓઢાળીને સન્માન કરે છે. મુળભુત શબ્દ સમાન માનનું અપ્રભંશ શબ્દ સન્માન બન્યું છે. ભારતીય સંસ્કૃતિની આ એક એવી પ્રથા છે જેમાં કન્યાના પિતા સ્વેચ્છા એ પોતાના સ્વમાન કરતાં વરના પિતાના સન્માનને વધારે મહત્વ આપે છે. કેટલીક જ્ઞાતિઓમાં કન્યા વિદાય સમયે કન્યાના પિતા વરના પિતાને પાઘડી પણ આપે છે જેને પાઘનો ફેરો કહે છે અને આ રીતે સન્માન ને ઉર્ધ્વત્તમ સ્વરૂપ આપે છે કે તમારા સન્માનમાં મારૂં સ્વમાન તમને અર્પણ કરું છુ.

સન્માન નો આનાથી વધારે કોઈ હૃદયદ્રાવક કે ભાવુક પ્રસંગ ભાગ્યે જ બીજો કોઈ હોઈ શકે. પહેલાંના જમાનામાં શિષ્યો ગુરૂના ચરણ જાતે ધોતા અને તે પાણીને ચરણામૃતનું નામ આપીને શિર પર ચડાવતા. જૈનોમાં નમણ પણ કદાચ આવીજ પ્રથા છે. આવો બીજો સન્માન દાયક શબ્દ છે ચરણરજ જેમાં શિષ્યો ગુરૂનાં ચરણની રજ કે ધુળને મસ્તક પર લગાવતા.

ક્રમશ :

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**